શારદા
મહિલા વિકાસ સોસાયટી

જીવન અંજલી થાજો
સેવા ઝરણ

# સેવા સુવાસ




અમે તે ઈશ્વરના દાસ છીએ,
જેને અજ્ઞાનીઓ "મનુષ્ય" કહે છે.
સ્વામી વિવેકાનંદ

## સંયુકત મુખપત્ર

એપ્રિલ થી જુન ૨૦૧૭

# સેવા–સુવાસ

૧૯૮૪ થી સેવા રૂરલ સંસ્થાનું ત્રિમાસિક મુખપત્ર **"સેવા સુવાસ"** તેમજ સેવા રૂરલની ભગિની સંસ્થા શારદા મહિલા વિકાસ સોસાયટી દ્વારા વર્ષ ૨૦૦૭ થી **"શારદા સુવાસ"** નિયમિત રીતે પ્રકાશિત થઈ રહ્યા હતા.

વર્ષ ૨૦૧૨થી બંને સંસ્થાના સંયુકત ઉપક્રમે 'સેવા સુવાસ' પ્રકાશિત થાય છે. સંસ્થાના પાયાના ત્રણ અભિગમ – સામાજિક સેવા, વૈજ્ઞાનિક અભિગમ અને આધ્યાત્મિક દ્રષ્ટિકોણને સાંકળીને આરોગ્ય, આર્થિક પ્રવૃત્તિઓ, શૈક્ષણિક, રચનાત્મક પ્રવૃત્તિઓનો પ્રસાર કરવાનો શુભ આશય રહ્યો છે. આ બંને સંસ્થાના સમાચારો અને તે વિષેની માહિતી ઉપરાંત સંસ્થાના કાર્યકરો, ગ્રામ્યકક્ષાની સહયોગી બહેનો, કિશોર–કિશોરીઓ અને બાળકો પોતાના સ્વાનુભવો તેમજ પ્રેરક પ્રસંગો રજૂ થતાં રહે છે.

આપ સૌના પ્રતિભાવો અને સૂચનો, અમારી યાત્રાને પ્રેરણા અને બળ પૂરું પાડશે.

## સાંકળિયું


| | | |
|---|---|---|
| ૧. | વલોણુ – મૂંગા આશીર્વાદ | ૧ |
| ૨. | વિવેક સુવાસ | ૨ |
| ૩. | માતૃશકિત – મને માતૃત્વ મળ્યુ, મારા પતિને મળી નોકરી | ૩ |
| ૪. | આપની વાત – શ્રમયજ્ઞ | ૪ |
| ૫. | સંસ્થા સમાચાર | ૪ |
| ૬. | મિત્રોની નજરે – સદા પ્રસન્ન રહો | ૧૮ |
| ૭. | સત્સંગના સથવારે – ગજેન્દ્ર મોક્ષની કથા | ૧૮ |
| ૮. | નાનાઓની મોટાઈ – શામળભાઈ | ૨૦ |
| ૯. | જાણવા જેવું– આધારકાર્ડની અનિવાર્યતા | |


## સેવા સુવાસ સમિતિ


| | | |
|---|---|---|
| જયશ્રી લાડ | જાગૃતિ શાહ | મંજુલા માછી |
| મુકેશ પરીખ | ડો. આકાશ શીંદે | દિલીપ પટેલ |
| બંકિમ શેઠ | રમેશ ગોસ્વામી | રાજેશ પટેલ |
| | ડો. લતાબેન દેસાઈ | |


**ખાસ નોંધ : વાચક મિત્રો, દર ત્રણ માસે પ્રસિધ્ધ થતું સેવા સુવાસ મુખપત્ર આપની અનુકૂળતાએ વેબસાઈટ www.sewarural.org પર પણ વાંચી શકાશે.**

## વલોણું

# મૂંગા આશિર્વાદ

સર્વે....સર્વે....સર્વે.... કેટલા બધા સર્વે કરવાના આવે. ઈન્સેન્ટીવ માંડ ૬૦૦–૮૦૦ રૂપરડી મળે અને કામ તો જાણે ઢગલો, પુષ્કળ કામ... થાક લાગે, આવા કામનો વિચાર કરીને ...

નર્મદા જિલ્લાના કેશરપુરા ગામના આશા કાર્યકર કપિલાબેનની વાત છે. આપણે તેમનો આ વૈચારિક થાક કેવી રીતે દૂર થયો તે વાંચીએ.

આઈ. એમ. ટેકો કાર્યક્રમ હેઠળ વજેરીયા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર હેઠળ કેશરપુરા ગામમા કામ કરતા આશાબેને ગામના એક સગર્ભાબેનની મુલાકાત લીધી. બેનને મહિના હોવાથી તેમની નોંધણી કરી. સગર્ભાબેનને હૃદયની તકલીફ હોવાથી ફોનમાં નોંધ થતા ફોન દ્વારા હેલ્પલાઈનમાંથી એલર્ટ આવ્યુ એટલે બેને શું શું ધ્યાન રાખવું તેની સમજ આપી. નિયમિત ફોલોઅપ આશા કાર્યકર અને મોબાઈલ ફોન દ્વારા ચાલુ હતુ. સમય જતા બેનની પુરા માસે સુવાવડ થઈ. બેનની બિમારી માટે સતત ફોલોઅપ કરી સમજાવતા આશા કાર્યકરે વાતવાતમાં કહ્યું કે, બેન તમે જે સમજાવો તે ગમે, અમારા માટે વાત કરો છો....એવું લાગે. ત્યાં સુષુપ્ત સ્થિતિમાં મનના એક ખૂણામાં પડેલ વિચારે એકાએક હુમલો કર્યો અને શબ્દો સરી પડયા....સર્વે....સર્વે....સર્વે....

ત્યારે બેનને સમજાવતા કહ્યું કે, કામ લીધું હોય, જવાબદારી લીધી હોય તો કરવી જ પડે. તે વખતે ભલે ઈન્સેન્ટીવ ઓછા મળે. કોઈનો જીવ બચાવીએ તો તેનું વળતર, તેના ફળ ઈશ્વર વગર માંગે આપે જ. ભગવાન આપણે કઈ રીતે મદદરૂપ બને તે ખબર પડે નહી. સાચા દિલથી કામ કરીએ.

એવામાં બેને તેમના અંગત જીવનની વાત કરતા કહ્યું કે, ઘણાં વર્ષોથી ખેતીમાં પાકતુ નહોતું પણ...આ વર્ષે ૫–૬ લાખની ખેતી પાકી. કપાસ –તુવેર પણ સરસ છે. ગરીબોની સેવા કરીએ તો તેઓની દુઆ મળે જ. મને ઈન્સેન્ટીવના ભાગરૂપે આ બધુ મળ્યું છે એમ માનું છું. તમે જે શીખવાડો છો તે ગમે છે. લાભાર્થીના મૂંગા આશીર્વાદ મને ખૂબ ખૂબ આપી જાય છે. વાત નાની છે, પણ ઘણુ બધુ કહી જાય છે.

એક તરફ ગામડાની ઓછું ભણેલાઓની નિષ્પક્ષ પ્રામાણિકતા, લાગણીસભર વ્યવહાર, જે મનમાં હોય તે ભડભડ કહી ખુલ્લા થઈ જવાથી બે વચ્ચેનું ઘટતું અંતર, પ્રેમ, સમર્પણ અને એવી કેટલીક ઊંચી ભાવનાઓ... જયારે ભણેલો, શિક્ષિત, શહેરમાં કમાતો, ઘણુ કમાતો, પડોશમાં કોણ છે ? ભૂખ શું હોય તે ખબર નથી, જરૂરિયાતોનો ઢગલો... અસંતોષનો ઢગલો અને મળ્યું છતાંય કેટકેટલું બીજા પાસેથી મફત મળે તેવી ઘેલછા, સંગ્રહખોરીનો કોઈ માપદંડ નહિ. સડી જાય, બગડી જાય પણ વસ્તુનો હાવ છૂટે નહિ...એવી બે પરિસ્થિતિને જોઈએ તો શું ગમે ? કેવી જીવન પધ્ધતિ પસંદ પડે ?

વાત એકદમ ૧૦૦ ટચની સાચી... આ બંને પરિસ્થિતિમાંથી ત્રીજી પરિસ્થિતિ આપણે સર્જી શકીએ ? કામ કરીએ અને પ્રમાણસર જીવનધોરણ બનાવી શકીએ ? કેવી રીતે ?

♦

# વિવેક સુવાસ

સ્વામી વિવેકાનંદે વિવિધ વ્યકિતઓ સાથે વિવિધ વિષયો ઉપર પ્રેરક વાર્તાલાપો કર્યા હતા. સ્વામીજીના બહુમૂલ્ય પ્રાણવાન વિચારો વ્યકિતના વિકાસ તેમજ દેશના વિકાસ માટે પથદર્શક છે. આ અંકમાં તેમના સહવિદ્યાર્થી શ્રી પ્રિયનાથ સિંહા સાથે વિદ્યાર્થીઓના કેળવણી વિશે થયેલ વાર્તાલાપમાંથી પ્રેરણા મેળવીશું.

**પ્રશ્ન :** આપણા વિદ્યાર્થીઓની કેળવણી વિશે આપનો શો મત છે ?'

**સ્વામીજી :** પ્રાચીન કેળવણીની સાથે આધુનિક પાશ્ચાત્ય વિજ્ઞાનને પણ સામેલ કરવાનું છે. બંનેની આવશ્યકતા છે.

**પ્રશ્ન :** શા માટે ? અત્યારની યુનિવર્સિટીની પદ્ધતિમાં શી ખામી છે ?

**સ્વામીજી :** એ પદ્ધતિ લગભગ આખે આખી ખામીથી જ ભરેલી છે. તમે જુઓ, કારકુનો પેદા કરવાના સુસજ્જ યંત્ર સિવાય એમાં બીજું કાંઈ નથી. એ જો માત્ર એટલું જ હોત તો પણ હું તેને સદ્‌ભાગ્ય ગણત. પણ ના; તમે જુઓ તો ખરા, એમાં માણસો કેવા શ્રદ્ધાહીન અને આત્મબળ વિનાના થઈ જાય છે ? એ લોકોને ભારતની બહારની પ્રજાઓ અને અન્ય બાબતો વિશેની ઝીણી વિગતો જાણવાનું ગમે છે; પરંતુ જો એમને પૂછો તો પોતાની સાત પેઢીનાં વડવાઓનાં નામ પણ કહેતાં નહિ આવડે.

**પ્રશ્ન :** પણ એમાં શું ? એ લોકો પોતાનાં બાપદાદાનાં નામ ન જાણે તો શું થઈ ગયું ?

**સ્વામીજી :** એમ નથી. જે પ્રજાને પોતાનો ઈતિહાસ નથી તેને આ દુનિયામાં કંઈ જ નથી. વ્યકિતને પોતાનામાં રહેલી શ્રદ્ધા જ તેનાં કાર્યો અને લાગણીઓને સંયમમાં રાખે; પ્રજાનો રાષ્ટ્રીય ઈતિહાસ તેને ખૂબ સંયમમાં રાખે છે, તેને વધારે નીચે પડવા દેતો નથી. હા, હું જાણું છું કે તમે તુરત કહેશો કે : ' પણ આપણે એવો કોઈ ઈતિહાસ છે જ નહિ !' બરાબર; તમારી પેઠે વિચાર કરનારાઓના મત પ્રમાણે નથી; તેમજ તમારી યુનિવર્સિટીના મોટા પંડિતોના મત પ્રમાણે પણ કશો જ ઈતિહાસ નથી; અને તે જ પ્રમાણે જેઓ ખૂબ ઝડપભેર પશ્ચિમનો એક પ્રવાસ કરી આવીને યુરોપિયન ઢબે કોટપાટલૂન પહેરીને ભારપૂર્વક કહેવા લાગે છે કે, આપણું પોતાનું કંઈ છે જ નહિ; આપણે જંગલી છીએ.' તેમને માટે પણ આપણો ઈતિહાસ નથી.

આપણે માટે જેવો હોવો જોઈએ તેવો જ આપણો પોતાનો ઈતિહાસ પણ છે. તમે આંખો બંધ કરીને 'અફસોસ ! આપણે કશો ઈતિહાસ જ નથી !' એવી બૂમો મારો તેથી શું એ ઈતિહાસ અસ્તિત્વમાંથી નાબૂદ થઈ જવાનો છે ? જેમને આંખો છે તેઓ તો આપણો જવલંત ઈતિહાસ જુએ છે અને જાણે પણ છે કે પ્રજા હજી એના જોરે જ જીવંત છે.

પરંતુ એ ઈતિહાસ હવે ફરીથી લખવાની જરૂર છે. પાશ્ચાત્ય કેળવણી દ્વારા આજના જમાનામાં આપણા માણસોને જે જ્ઞાન અને વિચારણાની પદ્ધતિઓ સ્વીકારી છે તેને અનુકૂળ તે હોવો જોઈએ, અને તે પ્રમાણે તેનું પુનરાલેખન થવું જોઈએ.

**પ્રશ્ન :** એ કરવું કઈ રીતે ?

**સ્વામીજી :** આપણે જેની જરૂર છે તે વેદાંતની સાથોસાથ આધુનિક વિજ્ઞાનની. શ્રદ્ધા તથા પોતાની જાતમાં આત્મવિશ્વાસની. બીજી જે એક વસ્તુની આપણે જરૂર છે તે ચાલુ શિક્ષણ પદ્ધતિ નાબૂદ કરવાની છે. કારણ કે તે ગધેડાને મારી મારી ને બોડો બનાવવાની વાત જેવી છે.......

ક્રમશઃ

(" વિવેકાનંદજી સાથે વાર્તાલાપ" પુસ્તિકામાંથી સંકલન)

♦

## માતૃશકિત

### મને માતૃત્વ મળ્યુ, મારા પતિને મળી નોકરી .....

પૈસાની જરૂર પડે તો અમે બેઠેલા છે.... ગારમેન્ટ વિભાગમાં ચાલતી સીવણ વર્ગની તાલીમમાં જોડાએલ બહેનોએ મને આર્થિક ટેકો આપી માતૃત્વના દર્શન કરાવ્યા.

વાત એવી છે કે હું ભારતીબેન પરમાર ધોરણ ૧૨ ભણી. લગ્ન કરી સાસરે આવી. મારા પતિ શિક્ષક તરીકે નોકરી કરતા હતા. અમારું જીવન હસીખુશીથી પસાર થતુ હતું. એવામાં બે વર્ષ થયા. ત્યા મારા પતિની શિક્ષકની નોકરી તેમની બિમારીના કારણે છૂટી ગઈ. ખૂબ પ્રયત્નો કરવા છતાંય કયાય ઠેકાણું ન પડયું. સંજોગો બગડયા. ઘરમાંથી, સમાજમાંથી મારા પતિને દવા, સારવાર માટે મદદ કે હૂંફ કે સાંત્વના મળવાને બદલે અપશબ્દો, અસહકાર મળવા લાગ્યો. એ અમારા જીવનની પડતીનો સમય હતો. ઘરની સ્થિતિ સામાન્ય તેથી હું પણ તે વખતે સાડીઓ ભરી ગુજરાન કરવા લાગી.

મારા પડોસમાં રહેતા રમીલાબેન અને હંસાબેન મારી આ પરિસ્થિતિ જોયા કરે. તેઓથી રહેવાયું નહિ. તેઓ સેવા રૂરલની જ એક સંસ્થા શારદા મહિલા વિકાસ સોસાયટીમાં ગારમેન્ટ બનાવવાનું કામ કરે છે તેની વાત કરી. તેમાં જોડાવવા સૂચન કર્યું. મારા પતિએ પણ સ્વીકૃતિ આપી. મેં સીવણ વર્ગમાં પ્રવેશ મેળવ્યો. સીવણ શીખી. મને ગારમેન્ટમાં કામ પણ મળી ગયું. હવે હું રોજી કમાતી થઈ ગઈ. સોસાયટીની સ્ટાફ અને સહયોગી બહેનોએ મને કામ આપીને ખૂબ મદદ કરી.

મે મારી મહેનતની કમાણી, મારા પિયર પક્ષ તરફથી આર્થિક ટેકો, સગાઓ તરફથી પણ આર્થિક મદદ મળી એટલે મારા પતિની સારવાર માટે સેવા રૂરલમાં લઈ આવી. ફીજીશ્યનની સારવાર કરાવી. સારું ન થતા ફીજીશ્યનના કહેવાથી ભરૂચ બીજા ડોકટરને બતાવવા ગયા. મને મળેલ આર્થિક ટેકાના લીધે સેવાભાવી સંસ્થા સેવા રૂરલમાં અને ભરૂચમાં થયેલ સારવારનો ખર્ચો આપી પતિને સાજા કર્યા. સેવા રૂરલમાં સારવારનો ખર્ચ માફ કરવા કહ્યું હોત તો ચોક્કસ માફી મળત. પરંતુ મને યોગ્ય ન લાગ્યું. મારા પાસે એ સારવાર ખર્ચાની વ્યવસ્થા હતી. તેથી હું પૂરેપૂરો ખર્ચો આપી શકી. પતિને સારું થતા ગારમેન્ટના એક લાભાર્થી જીનલબેનના ઓળખાણથી મારા પતિને ઝઘડિયા તાલુકાના માંડવા ગામની સ્કુલમાં નોકરી મળી.

મારા લગ્નને પણ જોતજોતામાં પાંચ વર્ષ થવા આવ્યા. પણ હું ગર્ભવતી બની નહોતી, તેથી મારી પણ સારવાર કરાવી. આનંદની વાત એવી કે હવે હું માતા બનવાની છું. સંસ્થામાં આવવાથી કામમાં જોડાતા મને બધી ખુશીઓ પરત મળી. સંસ્થાનું વાતાવરણ એવું કે સંસ્થામાં આવતા જ વિચારો બદલાઈ જાય છે.

સ્ટાફ અને લાભાર્થી બહેનોની હૂંફ, મદદ અને આશ્વાસન મળવાથી મારું ઘર બેઠું થયું છે. હું આ બધાની ખૂબ ઋણી છું. મને અહી માતૃભાવનાના દર્શન થયા છે.

♦

## આપની વાત

### "શ્રમયજ્ઞ"

આઈ.એમ.ટેકો પ્રોગ્રામમાં કામ કરતા ઓર્ગેનાઈઝર કાંતિભાઈ કહે છે કે...

સેવા રૂરલના કોમ્યુનીટી હેલ્થ પ્રોજેક્ટ દ્વારા નર્મદા જિલ્લાના કાર્યવિસ્તારમાં "એન્ડ લાઈન સર્વે" કરવાનું આયોજન કરવામાં આવ્યું.

આ સર્વે કરવા માટે ફિલ્ડ ઈન્વેસ્ટીગેટર્સની નવી ભરતી કરવામાં આવી. આ ૨૫ ભાઈ–બહેનોની ટીમને ફિલ્ડ સર્વે માટેની એક માસ જેટલી તાલીમ આપીને તૈયાર કરવામાં આવ્યા. ઝઘડિયામાં રહીને તાલીમ લીધા બાદ જાન્યુ.'૧૭માં એક માસ માટે જશોદા નરોતમ ટ્રસ્ટ, ધરમપુર મુકામે સર્વે કરવા માટે જવાનું ગોઠવાયું.

આ સર્વેની કામગીરી દરમ્યાન સર્વે ટીમ માટે રહેઠાણ, ભોજન વિગેરે વ્યવસ્થા 'આર્ચ" સંસ્થા ધરમપુરમાં કરવામાં આવી. અમારા ધરમપુર સર્વે દરમ્યાન એક માસના રોકાણમાં ત્રણ રવિવાર આવતા હતા.

અમારી સર્વેની ટીમ દ્વારા સાથે મળીને નકકી કરવામાં આવ્યું કે આપણે રવિવારે બે કલાક "આર્ચ" સંસ્થાના કેમ્પસમાં શ્રમકાર્ય કરીને મદદરૂપ થઈશું.

અમારો વિચાર "આર્ચ" સંસ્થાના સંચાલકોને જણાવ્યો અને તેમના આયોજન મુજબ સર્વે દરમ્યાન રવિવારના દિવસે અમે આખા કેમ્પસની સફાઈ, બગીચામાં માટી પૂરવી, મકાનોની સફાઈ, સંડાસ–બાથરૂમ સફાઈ જેવા વિવિધ કામોમાં ટીમ બનાવીને ઉત્સાહથી જોડાયા. અમને અમારી ટીમ માટે ગૌરવ થયું. આર્ચ સંસ્થાએ પણ અમારો ગૌરવ કર્યો. અમારો શ્રમયજ્ઞ કરવાનો વિચાર ગાંધી–વિનોબાના વિચારોને આચરણમાં મુકવા બદલ આનંદ થયો. અમારી સંસ્થાની છાપ વધારે ઉજળી બની. અમારી સાથે જોડાયેલા નવા કાર્યકરોને પણ નવી દ્રષ્ટિ, નવી કેળવણી, નવો ઉત્સાહ મળ્યો. કાર્યક્ષેત્ર બદલાયું પણ કાર્યકરોની સૂઝ, કાર્યને દૂર દૂર સુધી વિસ્તારવાની ફેલાવવાની તક મળી.

♦

## સંસ્થા સમાચાર

### સેવા રૂરલ

- તા. ૬ એપ્રિલ ૧૭ના રોજ " Great Place Work " નામની ઈન્ટરનેશનલ સંસ્થા દ્વારા એક સર્વે કરવામાં આવી રહ્યો છે. જેમાં સંસ્થાના બધા કાર્યકરો જુદા જુદા બેચમાં વારાફરતી જોડાઈ " Great Place Work " નામની સંસ્થા દ્વારા આપેલ ફોર્મ ભર્યા.
- તા. ૧૭ જુન'૧૭ના દિને સેવા રૂરલ કેમ્પસમાં દુર્ગા ફાયર સર્વિસના સેફટી કન્સલટન્ટ શ્રી રાઠોડ અને ઝઘડિયા જી.આઈ.ડી.સી. ફાયર સ્ટેશનની ટીમે આવી અને સેવા રૂરલ સંસ્થાના સેફટી ગ્રુપના સભ્યોને અગ્નિશામક તેમજ રેસકયું પર પ્રેકટીકલ તાલીમ આપી જેમાં શરૂઆતમાં એકબીજાનો પરિચય આપ્યો અને ત્યારબાદ લગભગ અલગ અલગ ફેકટરીઓના તેમના અનુભવોની કેસ સ્ટડીઝ અને ફાયર એકસીડન્ટ પર ચર્ચા કરી. આગ શું છે ? કેવી રીતે ઉદ્દ્ભવે છે ? કયા કારણોસર આગ લાગી શકે ? આગ ન લાગે એ માટે શું સાવધાની રાખવાની છે ? ફાયર ફાઈટીંગ માટે કયા કયા સાધનો રાખવા જોઈએ તેમજ સેફટી સંદર્ભે આપણે બીજી કઈ બાબતોનું ધ્યાનમાં રાખવું જોઈએ ? તેની પ્રસ્તાવના બાંધી.

  ત્યારબાદ સેવા રૂરલ સંસ્થાના સેફટી ટીમના કાર્યકરોને પ્રેકટીકલ તાલીમ આપી જેમાં સૌપ્રથમ તો એમણે ફાયર ટેન્ડરમાં રહેતા સાધનોની ઓળખ, સાત જેટલા કેનવાસ કોટન ગોઝ પાઈપો તેમજ અન્ય સાધનસામગ્રીઓ બતાવી.

  ત્યારબાદ સેવા રૂરલના સેફટી ગ્રુપના સભ્યોને કેવી રીતે ફાયર એકસ્ટીગ્યુસરથી ફાયર ફાઈટીંગ કરવી તે પ્રેકટીકલી આગ લગાવી અને ફાયર એકસ્ટીગ્યુસર ચલાવી આગ હોલવવી તે શીખવ્યું.

  ત્યારબાદ ફાયર ટેન્ડર સાથે કેવી રીતે ફાયર ફાઈટીંગ કરવી, હોઝ પાઈપ કેવી રીતે ઉંચકવો

કેવી રીતે જોડવો. નોઝલ કેવી રીતે જોડવી, કેવી રીતે પકડવી તે પ્રેકટકલ શીખવ્યું.

અલગ અલગ પ્રકારની જેમ કે કેમીકલ કે પેટ્રોલ કે ડિઝલમાં આગ લાગે ત્યારે ફોગ કેવી રીતે મારી ફાયર ફાયટીગ કરવી. ફાયર ટેન્ડરનાં મોનીટરનો ઉપયોગ કેવી રીતે કરવો તે વિશે પ્રેકટીકલ કર્યુ. સેવા રૂરલમાં હોસ્પિટલ સેફટી ઉપર છેલ્લા એકાદ વર્ષથી વિવિધ પગલાં ભરવાનું શરૂ કર્યુ છે.

- તા. ૨–૩ જૂન'૧૭ દરમ્યાન સેવા રૂરલ અને શા.મ.વિ.સો. કો.ઓ.કમિટીના સભ્યો અને અન્ય જવાબદારી સંભાળતા કાર્યકરો માટે એક વર્કશોપનું આયોજન થયું. તેમાં ૪૦ સભ્યો જોડાયા. વર્કશોપમાં કામને અસરકારક બનાવવા કામની નોંધ ડાયરીમાં કેવી રીતે કરવી. કઈ કઈ બાબતોની નોંધ અને કામનું અસરકારક ફોલોઅપ કરી શકાય તે વિષે, ધ્યેય કેવી રીતે નક્કી કરવો, ધ્યેયપૂર્ણ થતા બીજા નવો ધ્યેય રાખવો, સંસ્થામાં પોતાની જવાબદેહીતા કેવી રીતે નિભાવવી, તેમાં નવું કામ લેવાની તૈયારી, ફેરફારની તૈયારીની સમજ મેળવી અને એકશન પ્લાન બનાવી બધાએ વાત કરી અને તે પ્રમાણે કામને અસરકારક બનાવી સ્વવિકાસની દિશામાં આગળ જઈ શકાશે એવો વિશ્વાસ કેળવ્યો.

વર્કશોપનું સંચાલન બંકિમભાઈ શેઠ, મયંકભાઈ પંડયા, દિલીપભાઈ પટેલ, અતુલભાઈ માંકડ, ડો. અનિલભાઈ, ડો. શ્રેયભાઈ દેસાઈએ સંભાળ્યું હતું.

- તા. ૯ જૂન'૧૭ના દિને સેવા રૂરલ અને શા.મ.વિ.સો.ના મળી ૧૫ નવા કાર્યકરો સાથે સેવા રૂરલનું મિશન શું છે? મિશન માટે સંસ્થા શું કરે છે? સેવા રૂરલમાં તમને શું ગમે છે? સેવા રૂરલ અન્ય સ્વૈચ્છિક અને સરકારી સંસ્થા કરતા કેવી રીતે જુદી છે? વિષે ગ્રુપચર્ચા કરી, હકારાત્મક વલણની વીડિયો કલીપીગ જોઈ કેટલાક મુદ્દા પર ચર્ચા કરી અને પેપરનો ટાવર બનાવી થયેલ અનુભવો સાથે ટીમવર્કની સમજ મેળવી. સંસ્થાકીય લાભો, સરકારી યોજનાઓના લાભો દા.ત. મેડીકલેઈમ પોલીસી વગેરેની માહિતી મેળવી. વર્કશોપના સમાપનમાં બંકિમભાઈએ કાર્યકરોને સંસ્થાની કઈ બાબતો સારી અને કઈ બાબતોમાં સુધારાને અવકાશ છે તે બાબતો કહેવા જણાવતાં કેટલાક સારા સૂચનો આવ્યા. જેમાં કાર્યકરોને સંસ્થાના હીતની ચિંતા અને સંસ્થા પ્રત્યેની લાગણી, નિષ્ઠા જોવા મળી. બંકિમભાઈએ સેવાયજ્ઞમાં સામેલ થનાર બધા કાર્યકરોને પ્રોત્સાહિત કર્યા.
- જૂન અને જુલાઈ દરમ્યાન ૬ બેચમાં ૨૫૦ સ્ટાફ કાર્યકરો માટે રાત્રી રોકાણ સાથેનો દોઢ દિવસનો સંસ્કાર સિંચન વર્કશોપ ગોઠવાયો. વર્કશોપનું સંચાલન ડો. ગાયત્રીબેન દેસાઈ, વિક્રમભાઈ વાંસદીયા, જાગૃતિબેન શાહ, જૈમિતભાઈ રાવલ, બંકિમભાઈ શેઠ, ડો. શ્રેયભાઈ દેસાઈ, મહાવીરસિંહ વાઘેલા, જયેશભાઈ પટેલે કર્યુ હતું. વર્કશોપમાં 'લગાન' ફિલ્મ દ્વારા સંસ્થા માટેની નિષ્ઠા, સ્ટ્રેસ–તણાવની પરિસ્થિતિમાં શું કરવું? તેનું મેનેજમેન્ટ, સંસ્થામાં સેફટી સંદર્ભે કઈ કઈ તકેદારી રાખવી અને ગત વર્ષે થયેલ સંસ્કાર સિંચન વર્કશોપનું પુનરાવર્તન કરવામાં આવ્યું.

## કસ્તુરબા હોસ્પિટલ

- તા. ૨૭ એપ્રિલ'૧૭ના રોજ હોસ્પિટલ અને આંખ વિભાગનું વાર્ષિક મૂલ્યાંકન થયું. હોસ્પિટલના તથા બીજા વિભાગના મળી ૭૦ થી ૮૦ સ્ટાફ હાજર હતા. વર્ષ દરમિયાન થયેલ કામગીરીની આંકડાકીય માહિતી હોસ્પિટલ સ્ટાફ દ્વારા આપવામાં આવી. કેસ સ્ટડીની વાત થઈ. ત્યારબાદ આવનાર વર્ષના પ્લાનીગ સંદર્ભે વાત થઈ. હોસ્પિટલમાં થયેલ

ફેરફારની વાત થઈ જેમાં NICU, જનરલ ઓ.ટી., લેબરરૂમ, આઈ. ઓ. ટી. રીનોવેશન, લાંબાગાળાના આયોજન માટે હોસ્પિટલમાં વધતા દર્દીઓ અને વ્યકિતના કામમાં ફેરફાર, બદલાવની પણ વાત થઈ. હોસ્પિટલ એડમીનીસ્ટ્રેશનમાં મયંકભાઈ પંડયાની જગ્યાએ દિલીપભાઈ પટેલને કામની જવાબદારી સોંપવામાં આવી છે. મયંકભાઈ પંડયા હવે ઈન્ટર્નલ ઓડિટરની જવાબદારી સંભાળવાના છે તથા ડો. કલ્પનાબેન શાહ ફૂલ ટાઈમ થતાં હવે આઈ. ઓ. ટી. તથા જનરલ ઓ. ટી. બંનેની જવાબદારી સંભાળવા સંદર્ભે વાત થઈ.

- તા. ૨૭ મે'૧૭ના રોજ એક દિવસના સેમિનાર "Challages For Process Setting In Day Operational Managemnet of Hospital's" ઈન્ડિયન હોસ્પિટલ એસોસિએશન– વડોદરા દ્વારા આયોજન કરેલ હતુ. જેમાં સેવા રૂરલમાંથી ડો.તુષારભાઈ અને દિલીપભાઈ પટેલ જોડાયા હતા. આ સેમિનારમાં કુલ ૨૫ જેટલા હોસ્પિટલના ચાવીરૂપ કાર્યકર જોડાયા હતા. મોટાભાગના કોર્પોરેટ સેકટરમાંથી આવ્યા હતા. સેમીનારમાં નીચેના મુદ્દાઓને આવરી લેવામાં આવ્યા હતા.

1. Understanding day to day operational management processes hospital setting.
2. Anticipating challenges in process setting of hospitals.
3. Meeting challenges with solutions in day to day operational functioning of hospitals.
4. Problem solving thchniques in a hospitals setting.
5. Making process sound and fool proofing hospital setting.

- તા. ૧૪ જુન'૧૭ એ "વિશ્વ રકતદાતા દિવસ" હોવાથી સુરત રકતદાન કેન્દ્ર, સુરતના સહયોગથી શ્રી કસ્તુરબા હોસ્પિટલ, સેવા રૂરલ ખાતે તા. ૮ જુન'૧૭ ના રોજ રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવેલું. કુલ ૩૨ રકતદાતાઓએ ઉત્સાહપૂર્વક રકતદાન કર્યુ. તેમાંથી કુલ ૨૩ રકતદાતાઓ સ્ટાફના ભાઈ–બહેનો હતા. તેઓ ઉદારદીલ તેમજ ખંતથી ઉત્સાહપૂર્વક રકતદાન દ્વારા માનવસેવાના ઉમદાકાર્યમાં સહભાગી થયા.

## નવા જોડાયા

- ડો. કુંજલબેન પરીખ તા. ૧૫ મે'૧૭ થી ગાયનેકોલોજીસ્ટ, ડો. જીજ્ઞેષભાઈ ડોડા તા.૧ જૂન'૧૭થી પીડીયાટ્રીશ્યન, ડો.નચીતભાઈ પટેલ તા. ૧૫ જૂન'૧૭થી ગાયનેકોલોજીસ્ટ તરીકે સેવા રૂરલમાં જોડાયા છે. સંસ્થા તેઓને સહર્ષ આવકારે છે.

## ગાયનેક કેમ્પ

| અ. નં. | તારીખ | સ્થળ | દર્દીની સંખ્યા |
|---|---|---|---|
| ૧. | ૦૬–૦૪–૨૦૧૭ | નેત્રંગ | ૨૩૮ |
| ૨. | ૧૩–૦૪–૨૦૧૭ | જેતપુર | ૧૪૦ |
| ૩. | ૨૦–૦૪–૨૦૧૭ | નેત્રંગ | ૧૮૪ |
| ૪. | ૨૭–૦૪–૨૦૧૭ | ડેડિયાપાડા | ૧૦૩ |
| ૫. | ૦૪–૦૫–૨૦૧૭ | નેત્રંગ | ૨૩૬ |
| ૬. | ૧૧–૦૫–૨૦૧૭ | કાંટીદરા | ૫૦ |
| ૭. | ૧૮–૦૫–૨૦૧૭ | નેત્રંગ | ૧૯૪ |
| ૮. | ૨૫–૦૫–૨૦૧૭ | ડેડિયાપાડા | ૭૮ |
| ૯. | ૦૧–૦૬–૨૦૧૭ | નેત્રંગ | ૨૦૯ |
| ૧૦. | ૦૮–૦૬–૨૦૧૭ | લવેટ | ૪૩ |
| ૧૧. | ૧૫–૦૬–૨૦૧૭ | નેત્રંગ | ૨૨૫ |
| ૧૨. | ૨૨–૦૬–૨૦૧૭ | ડેડિયાપાડા | ૭૯ |

## આંખ વિભાગ

### એપ્રિલ'૧૭ થી જુન'૧૭ દરમ્યાન યોજાયેલ નેત્ર નિદાન કેમ્પ માહિતી

| ક્રમ | કેમ્પ તારીખ | ગામ | તાલુકો | સહયોગી સંસ્થા / વ્યકિત |
|---|---|---|---|---|
| ૧. | ૨–૪–૧૭<br>૧૭–૫–૧૭ | સજોદ<br>ભાલોદ | અંકલેશ્વર<br>ઝઘડિયા | રાધાબેન તરૂણભાઈ ભકત અને વર્ષાબેન તરૂણભાઈ ભકત– સામપુરા. |
| ૨. | ૫–૪–૧૭ | સારોદ | જંબુસર | ચીમનલાલ છોટાલાલ લોખંડવાલા ચેરીટેબલ ટ્રસ્ટ, હાજી એ. હમીદ આફ્રીકાવાલા સાર્વજનિક હોસ્પિટલ સારોદ + HOST |
| ૩. | ૯–૪–૧૭ | સીગામ | જંબુસર | શાહ એન્ડ વકીલ ફેમીલી ટ્રસ્ટ એચ.કે.સી. વકીલ મેમોરીયલ ટ્રસ્ટ– વડોદરા + HOST |
| ૪. | ૧૨–૪–૧૭ | સાહોલ | હાંસોટ | ગ્રામીણ વિકાસ વિભાગ બિરલા સેલ્યુલોઝીક– ખરચ |
| ૫. | ૧૬–૪–૧૭ | મોટીકોરલ | કરજણ | શાહ એન્ડ વકીલ ફેમીલી ટ્રસ્ટ + એચ.કે.સી. વકીલ મેમોરીયલ ટ્રસ્ટ– વડોદરા + HOST |
| ૬. | ૧૯–૪–૧૭ | ગુણેથા | નાંદોદ | સ્વ. જડાવબેન ચીમનલાલ જાનીના સ્મરણાર્થે– રાજપીપલા, કરશનભાઈ અને ગુલાબબેન ભકત– સામપુરા |
| ૭. | ૨૩–૪–૧૭ | ભમાડીયા | વાલીયા | સ્વ. ચંદનબેન ચંદ્રકાન્તભાઈ પંડયા (કોસંબા) સ્મરણાર્થે + HOST |
| ૮. | ૨૬–૪–૧૭<br>૭–૫–૧૭<br>૧૦–૫–૧૭ | માંડવા<br>ઝઘડિયા<br>અમલઝર | અંકલેશ્વર<br>ઝઘડિયા<br>ઝઘડિયા | સ્વ. રેવાબેન સીતારામભાઈ અને સ્વ. સીતારામભાઈ રણછોડજી ભકત – સામુપરાના સ્મરણાર્થે. |
| ૯. | ૩૦–૪–૧૭ | રાજપારડી | ઝઘડિયા | દોશી ચંચળબેન શંકરલાલ અને શંકરલાલ રણછોડદાસ ટ્રસ્ટ– ઉમલ્લા |
| ૧૦. | ૧૪–૫–૧૭ | દરિયા | ઝઘડિયા | શ્રી જીતેનભાઈ પી. શાહ સુરત + HOST |
| ૧૧. | ૨૧–૫–૧૭ | વટારીયા | વાલીયા | શ્રી ગણેશ ખાંડ ઉદ્યોગ સહકારી મંડળી લિ. વટરીયા + HOST |
| ૧૨. | ૨૪–૫–૧૭ | અશા | ઝઘડિયા | સ્વ. મીરીયમ એમ. ચોપડે (રાજપીપલાના સ્મરણાર્થે) + HOST |
| ૧૩. | ૨૮–૫–૧૭ | રઝલવાડા | ઝઘડિયા | રાજશ્રી પોલીફીલ– ઉમલ્લા ( RPL) |

**નોંધ** :

- ઉપર મુજબના તમામ કેમ્પમાં જિલ્લા અંધત્વ નિવારણ સમિતિ સિવિલ હોસ્પિટલ ભરૂચ દ્વારા ટ્રાન્સપોર્ટેશન ખર્ચ મળેલ છે.
- Host- હરિ ઓમ સેવા ટ્રસ્ટ – વડોદરા.
- ઉપર મુજબના તમામ કેમ્પમાં જે તે ગામની પ્રાથમિક શાળા અને હાઈસ્કુલો તથા સ્થાનિક ગ્રામજનોનો સહયોગ મળેલ છે.

## અંધજન પુનર્વસન કાર્યક્રમ

- સેવા રૂરલ ઝઘડિયા અને દિવ્ય જયોતિ ટ્રસ્ટની તેજસ હોસ્પિટલના સંયુકત ઉપક્રમે દિવ્યાંગ બાળકોની ઉનાળુ વેકેશનમાં ત્રિદિવસીય શિબિર તા.૧૧–૧૨–૧૩ મે'૧૭ના રોજ યોજાઈ ગઈ. જેમાં ૨૦ દિવ્યાંગ બાળકો, તેમના સહાયકો સાથે હાજર રહ્યા હતા. આ શિબિરમાં દરેક બાળકોનો અભ્યાસ, સરકારી સહાય વિગેરેની ચર્ચા કરી. છેલ્લા દિવસે વિજય દર્શન આશ્રમ – અશામાં યોગ– શિબિરમાં દિવ્યાંગ બાળ કોએ ભાગ લીધો. યોગની માહિતી. પ્રાણાયામ અને યોગાસનોની જાણકારી તેમજ પ્રેકટીકલ કર્યુ. બધાને ખૂબ મઝા પડી.
- વર્ષ ૨૦૧૭–૧૮માં લેવાયેલ એસ.એસ.સી. બોર્ડની પરીક્ષામાં ૦૩ દિવ્યાંગ બાળકો તથા હાયર સેકન્ડરી બોર્ડ ( H.S.C.) માં પણ ત્રણ દિવ્યાંગ બાળકો ઉત્તીર્ણ થયા. શિક્ષણનો સૂરજ કદી આથમતો નથી. તે સદાય જીવન આકાશમાં પ્રકાશતો રહે છે. હવે શાળાઓ ખૂલતાં બધાં જ બાળકો ગામની શાળામાં તેમજ અન્ય સંસ્થાઓમાં નવા હર્ષોલ્લાસ સાથે અભ્યાસાર્થે જોડાઈ રહ્યા છે.

## કોમ્યુનીટી હેલ્થ પ્રોજેકટ

- જશોદા નરોત્તમ પબ્લિક ચેરીટી ટ્રસ્ટ, ધરમપુરમાં ImTeCHO Project માં ડો. સચીનભાઈ મહાલે જોડાયા છે. તેઓએ તા. ૧૫ થી ૨૭ મે'૧૭ દરમ્યાન IMNCI અને ImTeCHO Project ની તાલીમ કોમ્યુનીટી હેલ્થ પ્રોજેકટમાં લીધી.
- તા. ૨૫ મે'૧૭ ના રોજ વાઘ – બકરી ચ્હા ગ્રુપના વિરલભાઈ પટેલ ImTeCHO Project જોવા આવ્યા હતા. તેમને ImTeCHOના સોફટવેર વિશે માહિતી આપવામાં આવી.
- તા. ૨૬ મે'૧૭ના રોજ Reliance Foundation નેત્રંગ અને મુંબઈથી અવનીબેન રાવલે આવી ImTeCHO Project ની પ્રવૃત્તિઓ જોઈ.
- તા. ૩૦ મે'૧૭ના રોજ સી.એચ.પી.માં છેલ્લા ૩૫ વર્ષથી કાર્યરત શ્રી કાંતિભાઈ પરમાર રિટાયર્ડ થયા. સંસ્થામાં કોમ્યુનીટી હેલ્થ પ્રોજેકટમાં મેલ હેલ્થ વર્કર, સુપરવાઈઝર અને પ્રોજેકટ કો–ઓર્ડિનેટર તરીકેની જવાબદારી સંભાળી અને નિવૃત્તિ સુધી જવાબદાર કાર્યકર તરીકે કામ કર્યુ. હવે તેમના અનુભવોનો ઉપયોગ થાય તે માટે હોસ્પિટલમાં રાત્રી સુપરવાઈઝરનું કામ માનદ્ સેવા સાથે કરશે.
- વાત્સલ્યધામમાં આ વર્ષે નવા પ્રવેશ માટે ૪૯ બાળકોની યાદી બની જેમાંથી ૩૨ બાળકોને રૂબરૂ મળી ૧૭ બાળકોને પ્રવેશ અપાવ્યો. હવે વાત્સલ્યધામમાં સેવા રૂરલના પ્રયત્નથી જુના ગત વર્ષના ૫૬ અને નવા વર્ષે ૨૩ બાળકો મળી કુલ ૭૫ બાળકો ધોરણ ૧ થી ૧૨માં અભ્યાસ કરી રહ્યા છે.
- ડો. પ્રિયાબેન ભાવસાર ઈન્ડિયન ઈન્સ્ટિયુટ ઓફ પબ્લિક હેલ્થ, ગાંધીનગરથી તા. ૧ જુન થી ૩૧ જુલાઈ'૧૭ દરમ્યાન આવ્યાં. તેઓએ સંસ્થાની વિવિધ પ્રવૃત્તિઓ જોઈ. સાથે કોમ્યુનીટી હેલ્થ પ્રોજેકટમાં રહી ઈન્જેકશન ફેરીક કાર્બોકસીમાલ્ટોજની સગર્ભાવસ્થા દરમ્યાનની અસરકારકતા અને સુરક્ષિતતા તેમજ સેવા રૂરલમાં વધતી જતી ડીલિવરીની સાથે સગર્ભાવસ્થા તથા ડીલિવરી દરમિયાન મળતી સેવાઓની ગુણવત્તાનો અભ્યાસ કર્યો.

## તાલીમ કાર્યક્રમ

| તારીખ | સંસ્થા | વિષય | સ્તર |
|---|---|---|---|
| ૧૩ થી ૨૪ એપ્રિલ'૧૭ | ઈન્સ્ટિટયુટ ફોર ટ્રાન્સફોર્મેટીવ ટેકનોલોજી (ITT) મુંબઈ | સબસેન્ટર સ્ટ્રેન્થનીગ | એ.એન.એમ. |
| ૨ થી ૨૨ મે'૧૭ | સામુહિક આરોગ્ય કેન્દ્ર–અવિધા, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર– ગોવાલી, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર–કરા, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર–ભાલોદ | સ્કીલ બર્થ એટેન્ડન્ટ તાલીમ ( SBA ) | સ્ટાફ નર્સ |
| ૧ થી ૨૧ જુન'૧૭ | પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર–રાજપારડી, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર– પાણેથા, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર–ડહેલી, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર–થવા | સ્કીલ બર્થ એટેન્ડન્ટ તાલીમ ( SBA ) | એ.એન.એમ. |

## વર્કશોપ, સેમીનારમાં જોડાયા

| તારીખ | સંસ્થા | વિષય |
|---|---|---|
| ૧૭ એપ્રિલ'૧૭ | મમતા મંદિર, નવસારી અને ગ્રામ સેવા ટ્રસ્ટ, ખારેલ | શૈક્ષણિક પ્રવાસ. |
| ૨૨ એપ્રિલ'૧૭ | પ્રિન્ટીગ એસોસિએશન, સૂરત | પ્રિન્ટીગ ટેકનોલોજી, ડીજીટલ પ્રીન્ટીગ, ઈમ્પોર્ટેડ મશીનરી, ઈન્ડિયન મશીનરી, સ્ક્રીન પ્રિન્ટીગ મશીન પ્રદર્શન. |
| ૨૫ એપ્રિલ'૧૭ | ભરૂચ ડીસ્ટ્રીકટ મેનેજમેન્ટ ઓફ ઈન્ડિયા (BDMA) ભરૂચ | ફાયર એન્ડ સેફટી |
| ૨૬–૨૮ એપ્રિલ'૧૭ | 'આધાર'દ્વારા વુમેન્સ હેલ્થ એન્ડ રીસોર્સ સેન્ટર, ભોપાલ દ્વારા હેલ્થ ટ્રેનિંગ સેન્ટર, ગુમાનદેવ | હેલ્પલાઈન કાઉન્સેલીગ તાલીમ |
| ૨૯ એપ્રિલ'૧૭ | કેર ઈન્સ્ટિટયુટ મેડીકલ SCZRCES અર્નિંગ ટ્રસ્ટ વુઈથ વર્લ્ડ કલાસ પ્રેકટીસેસ હોસ્પિટલ, અમદાવાદ | હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ, બ્રેસ્ટ કેન્સર, ફીવર |
| ૬ મે'૧૭ | ગ્રાસીમ પ્રા.લિ.કંપની, વિલાયત–દહેજ | મેન્સ્ટ્રુઅલ હાઈજીન |
| ૧૫–૧૬ મે'૧૭ | શારદા મહિલા વિકાસ સોસાયટી, ઝઘડિયા | પપેટ બનાવવાની તાલીમ |
| ૧૯–૨૦ મે'૧૭ | સર્વોદય મંડળ–ભરૂચ દ્વારા વિમેન્સ હેલ્થ એન્ડ ટ્રેનિંગ રિસોર્સ સેન્ટર, ગુમાનદેવમાં | ગાંધી વિચારોનું દ્રઢીકરણ |
| ૨૫ મે'૧૭ | એચ.સી.એલ. ફાઉન્ડેશન ઈ.ડી.આય. કેમ્પસ ભાટ, ગાંધીનગર | C.S.R. of National Building The HCL Grant |

| તારીખ | સંસ્થા | વિષય |
|---|---|---|
| ૨૭ મે'૧૭ | કવિ નર્મદ લાયબ્રેરી વરાછા (સુરત) | પીસ ફોર પેરેન્ટીંગ એનિમેશન બાળ ફિલ્મ |
| ૨૮ મે'૧૭ | વાત્સલ્યધામ | વાર્ષિક કાર્યક્રમ |
| ૨–૩ જુન'૧૭ | સેવા રૂરલ, ઝઘડિયા દ્વારા વીમેન્સ હેલ્થ ટ્રેનિંગ સેન્ટર, ગુમાનદેવ | ડે ટુ ડે ડાયરી આયોજન, ગોલ સેટીંગ, જવાબદેહિતા, એકશન પ્લાન. |
| ૮ જુન'૧૭ | ઈન્ડિયન ઈન્સ્ટિટયુટ ઓફ પબ્લિક હેલ્થ (IIPH) – ગાંધીનગર દ્વારા વિમેન્સ હેલ્થ એન્ડ ટ્રેનિંગ રિસોર્સ સેન્ટર– ગુમાનદેવ | એન. જી. ઓ. એકસલન્સ મિટિંગ |
| ૯ જુન'૧૭ | સેવા રૂરલ, ઝઘડિયા | સેવા રૂરલનું મીશન શું છે ? મીશન માટે સંસ્થા શું કરે છે ? સેવા રૂરલમાં તમને શું ગમે છે ? સેવા રૂરલ અન્ય સ્વૈચ્છિક કે સરકારી સંસ્થા કરતા કેવી રીતે જુદી પડે છે. હકારાત્મક વલણ, ટીમવર્ક, સ્ટાફ વેલ્ફેર પ્રવૃત્તિ. |
| ૧૦ જુન'૧૭ | અમદાવાદ મેનેજમેન્ટ એસોસિએશન(AMA), અમદાવાદ | સર્પોટીવ સ્ટાફ ડેવલપમેન્ટ વર્કશોપ |
| ૧૩ જુન'૧૭ | વિમેન્સ હેલ્થ એન્ડ ટ્રેનિંગ રિસોર્સ સેન્ટર દ્વારા સેવા રૂરલ – ગુમાનદેવ, ઝઘડિયા | જાતિય સતામણી તાલીમ |
| ૧૫ જુન થી ૮ જુલાઈ'૧૭ | ઈન્ડિયન્સ ફોર કલેકટીવ એકશન (ICA), સાનફ્રાન્સિસ્કો ગુજરાતી સેવા સમાજ (LA ), ઈન્ડિયન ડેવલપમેન્ટ કોલેસ્ટ્રોન ઓફ ઈન્ડિયા (IDCA), શિકાગો. બેકર્સ ફીલ્ડ (CBC), શેર એન્ડ કેર ફાઉન્ડેશન, ન્યુયોર્ક | સેવા રૂરલ અને શા.મ.વિ.સો.ની પ્રવૃત્તિઓનું પ્રેઝેન્ટેશન. |
| ૧૮ જુન'૧૭ | શ્રી રામકૃષ્ણ આશ્રમ, રાજકોટ | ભગિની નિવેદિતા ૧૫૦મી જન્મજયંતી મિટીંગ. |
| ૨૨ –૨૪ જુન'૧૭ | સોસાયટી ફોર મેન્સ્ટ્રુઅલ હાયજીન રિસર્ચ (SMCR) એટલાન્ટા (અમેરિકા) | મેન્સ્ટ્રુઅલ હાયજીન. |

## કિશોર–કિશોરી જાગૃતિ કાર્યક્રમ

**ગ્રામ્યપ્રવૃત્તિ :**

- મે'૧૭ માં ગ્રામ્યકક્ષાએ ૫ ગામમાં ૭૪ કિશોરીઓ અને ૬૬ કિશોરોનું વજન, ઊંચાઈ કરી હિમોગ્લોબીનની તપાસ અને પ્રિટેસ્ટ કરવામાં આવ્યું જેમાં ૪૫% કિશોરી અને ૨૯% કિશોર એનીમીક જોવા મળ્યા.
- **ગ્રામ્ય સુરક્ષા સમિતિ મિટિંગ :** તા.૨૦ એપ્રિલ'૧૭ના રોજ ઝઘડિયા સ્થિત ગ્રામ્ય સુરક્ષા સમિતિની મિટિંગ થઈ જેમાં ૧૧ સભ્યો હાજર રહ્યા. ૧૮૧ અભયમ હેલ્પલાઈન બેનર બજારમાં લગાવ્યું. બજારમાં ફરતી માનસિક રીતે અસ્થિર બહેનોને હોસ્પિટલમાં મુકવા સંદર્ભે વાલીઓને જણાવવા મળવું તેમજ અન્ય એજન્ડા નકકી થયા. બહેન પોલીસ કોન્સ્ટેબલ ઝઘડિયા ગામમાં મુકાયા. તે મિટિંગમાં હાજર રહ્યા. તેમનો પરિચય મેળવ્યો અને તેમની મદદ મળતી રહેશે એવી અપેક્ષાઓ કમિટી સભ્યોએ દર્શાવી.

- **ગ્રાસીમ કંપની લીમીટેડ** : આદિત્ય બિર્લા – દહેજની ૪૨ બહેનોને તા. ૬ મે ૧૭ના દિને માસિક સ્વચ્છતા કીટ ગ્રાસીમ કંપનીમાંથી આપવામાં આવી. ગાયત્રીબેન પટેલ અને જયશ્રીબેન લાડ દ્વારા માસિક સ્વચ્છતા કીટના સાચા ઉપયોગની રીત, કપડાની સ્વચ્છતા, પ્રજનનતંત્ર સ્વચ્છતા વિશે સમજ આપી. હાજર બહેનોમાંથી હજી પણ ૪ બહેનો જૂના કપડાનો ઉપયોગ કરે છે. ૩૮ બહેનો ફલાલીન કપડાનો ઉપયોગ કરે છે.
- **મેન્સ્ટ્રુઅલ હાઈજીન પ્રવૃત્તિ :** તા. ૧૯, ૨૬, ૨૭ મેં'૧૭ દરમ્યાન કાંટીદરા, જાંબોઈ, નાના અણધરામાં અને ૨૭ મેં'૧૭ના રોજ હોસ્પિટલમાં બહેનોના વોર્ડમાં 'માસિક સ્વચ્છતા દિવસ' ની ઉજવણી કરી. કુલ ૧૬૪ બહેનો, કિશોરીઓને વીડિયો, પોસ્ટર અને કીટ બતાવી સમજ આપી.
- **"મિત્ર" હેલ્પ લાઈન** : તા. ૨૨ મે' ૧૭ ના રોજ ઝઘડિયા તાલુકાના યુવક–યુવતીઓને તેમના મૂંઝવતા પ્રશ્નો અંગે સચોટ માર્ગદર્શન મળી રહે તે માટે સેવા રૂરલ દ્વારા ૧૦ થી ૧૯ વર્ષના કિશોર–કિશોરીઓ માટેની "મિત્ર" હેલ્પ લાઈનનું ઉદ્‌ઘાટન કરી ખુલ્લુ મુકવામાં આવ્યુ. કાઉન્સેલરો દ્વારા કિશોર–કિશોરીઓને મૂંઝવતા પ્રશ્ન જેવા કે, આરોગ્ય, પ્રજનન સ્વાસ્થ્ય, પોષણ અને આહાર વિગેરે અંગેનું વિનામુલ્યે માર્ગદર્શન ટોલ ફ્રી **1800-233-2640 ઉપર** ફોન કરવાથી આપવામાં આવશે. આ ઉપરાંત શૈક્ષણિક માર્ગદર્શન અને કેરિયર કાઉન્સેલીંગ પણ કરવામાં આવશે. આ સેવા સવારે ૮ થી રાત્રે ૮ વાગ્યા સુધી રોજ મળશે.
- **પીયર એજ્યુકેટર મિટિંગ :** તા. ૧ જુન'૧૭ના રોજ પીયર એજ્યુકેટર મીટીંગ થઈ જેમાં ૧૧ પીઅર એજ્યુકેટર હાજર રહ્યા. મિટિંગમાં આયર્ન આપવી, ગ્રામશિબિર આયોજન, હેલ્પ લાઈન, પીયર એજ્યુકેટરની ભૂમિકાની સમજ આપી, ચર્ચા કરવામાં આવી. ખાસ તેઓ પોતે આગળ ભણે, ગામમાં પણ સૌ આગળ ભણે, કોઈ શાળા ન છોડે તેવા પ્રયત્ન કરવામાં આવ્યા. કામગીરી પ્રમાણે પીઅર એજ્યુકેટરને ઈન્સેન્ટીવ મળ્યાં.
- **ફિલ્ડ પ્લેસમેન્ટ** : તા. ૧ થી ૩૧ મે'૧૭ દરમ્યાન સરદાર પટેલ યુનિવર્સિટી, વિદ્યાનગરથી માસ્ટર ઓફ સોશ્યલ વર્ક (MSW) ના અભ્યાસના ભાગરૂપે આવેલી વિદ્યાર્થિનીએ એડોલેસન્ટ કાર્યક્રમમાં કિશોર– કિશોરી શિબિરમાં જોડાઈ દસ્તાવેજીકરણ કર્યું અને સ્વરક્ષણ તાલીમમાં મદદરૂપ બન્યા.
- **ગ્રામ શિબિર :** ગ્રામશિબિરની પૂર્વે બાળકો પેપરમાંથી બનાવેલ ટોપી પહેરી આરોગ્યના સૂત્રોચ્ચાર સાથે રેલીમાં ફર્યા અને કિશોર–કિશોરીઓએ પોસ્ટર દ્વારા ગામમાં આરોગ્ય શિક્ષણમાં એનીમીયા, પોષક આહાર વિષયોની સમજ આપી ત્યારબાદ મંડપ કાર્યક્રમ થયો તેમાં સ્વાગતગીત દ્વારા ગ્રામજનોનું સ્વાગત કરવામાં આવ્યું. સાંસ્કૃતિક કાર્યક્રમમાં વ્યસન વિષે કવ્વાલી, નાટકો રજૂ કર્યા. દરેક ગામમાં સરેરાશ ૨૦૦ – ૩૦૦ ગ્રામજનો જોડાયા. વડીલો, આગેવાનોએ પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યા.
- **કિશોર–કિશોરી શિબિર** : જૂન માસમાં પાંચ ગામની ચાર બેચમાં રાત્રિ રોકાણ સાથેની શિબિર થઈ. શિબિરમાં ૭૫ કિશોર અને ૮૧ કિશોરીઓ સહભાગી બન્યા. એનિમીયા, પોષક આહાર વિષયની સમજ આપવામાં આવી. સાથે કડિયા ડુંગર, મણીનાગેશ્વર, મારૂતિધામનો નાનો પ્રવાસ કરી આનંદ મેળવ્યો, કિશોર– કિશોરીઓનું વજન, ઊંચાઈ કરી હિમોગ્લોબીનની તપાસ કરી.
- **સ્વરક્ષણ તાલીમ :** એપ્રિલ–મે દરમ્યાન વિ.જી.ટી.કે., ગુમાનદેવમાં ચાલતી કોમ્પ્યુટર તાલીમની કિશોરીઓ, ધારોલી માધ્યમિક શાળાની વિદ્યાર્થીનીઓ, શા.મ.વિ.સો.માં ચાલતી સિવણ વર્ગની તાલીમાર્થી બહેનો, પ્રજ્ઞાચક્ષુ કિશોરીઓ મળી ૧૧૬ કિશોરીઓને સ્વરક્ષણની તાલીમ આપવામાં આવી. આ બધી કિશોરીઓએ તાલીમ દરમ્યાન તેઓના અનુભવો પણ જણાવ્યાં જેમાંથી બધાની શીખવાની પ્રક્રિયા થઈ.

- **શાળા પ્રવૃત્તિ** : કુલ ૨૨ શાળાઓમાં વર્ષ દરમ્યાનની કામગીરીના ફીડબેક ફોર્મ ભર્યા જેમાં ૧૧ વિજ્ઞાન શિક્ષક, ૯ અન્ય વિષય શિક્ષક, ૨૦ વિદ્યાર્થીઓ મળી ૪૧ના ફીડબેક ફોર્મ ભર્યા. બધી શાળાઓમાંથી નવા વર્ષે સેશન લેવાની પ્રવૃત્તિ ચાલુ રાખવા જણાવ્યું. શાળાઓ પાસે વિવિધ પ્રકારના મિડિયા હોવાનું પણ જાણ્યું.

**વિવેકાનંદ ગ્રામીણ ટેકનીકી કેન્દ્રના વિદ્યાર્થીઓ સાથે :**

- **સોશ્યલ એન્ટરપ્રીન્યોરશીપ સ્કીલ (SES) મોડયુલ પ્રમાણે :** SES મોડયુલમાં અંગ્રેજીમાં પ્રેકટીકલ અને લેખિત પરીક્ષા લેવામાં આવી. ઉપરાંત વર્ષ દરમ્યાન લીધેલ આરોગ્યના વિષયોનું પોસ્ટટેસ્ટ કરવામાં આવ્યું.

- **"મિત્ર" હેલ્પ લાઈન પ્રચાર**: કિશોર–કિશોરીઓ તેઓના મૂંઝવતા પ્રશ્નોના ઉકેલ મેળવી શકે તે માટે 'મિત્ર હેલ્પલાઈન' માં ઝઘડિયા અને આસપાસની ૧૨ આશ્રમશાળાઓ, ૨૫ શાળાઓ અને આંગણવાડીની ૮૦ બહેનો સાથે ચર્ચા કરી પોસ્ટર, પેમ્પલેટ, પાવર પોઈન્ટ પ્રેઝેન્ટેશન દ્વારા સમજ આપી પ્રચાર કર્યો.

## થનગનતું યુવાધન

હું ઝઘડિયાથી ૨૬ કિ.મી. ના અંતરે આવેલ નાના અણધરા ગામનો જુલિયસ સુરેશભાઈ વસાવા. મે ધોરણ ૧૨ પાસ કરી અને હવે આઈ.ટી.આઈ.માં પ્રવેશ લીધો છે. સેવા રૂરલ સંસ્થા દ્વારા ચાલતા કિશોર–કિશોરી કાર્યક્રમ હેઠળ પીઅર એજયુકેટર તરીકે આ પ્રવૃત્તિમાં સંસ્થા અને કિશોરો વચ્ચે સાંકળ રૂપ કડી બનવાની મને તક મળી છે. ગામના કિશોરોને મદદ અને મારા વ્યકિતગત વિકાસ માટે કામ કરવા હું તત્પર બન્યો. આ કાર્યક્રમ હેઠળ કિશોર–કિશોરીઓ માટે વિવિધ કાર્યક્રમ ગ્રામ્યસ્તરે અને સંસ્થા સ્તરે થાય છે. એવી એક ગ્રામ્યસ્તરની પ્રવૃત્તિમાં કિશોરોની હિમોગ્લોબીનની તપાસ થઈ તેમાં જે કિશોરોમાં હિમોગ્લોબીનનું પ્રમાણ ઓછું હતું તેઓને લોહતત્વની ગોળી આપવામાં આવી. લોહતત્વની ગોળી આપ્યા બાદ તેની નોંધ મારા રજીસ્ટરમાં તો કરી જ પણ રવિવાર હોવા છતાંય સુપરવાઈઝરનો મૂડ હશે કે નહિ તે વિચાર્યા વગર તેમનો ફોન નંબર મારી પાસે હોવાથી ફોન કરી જાણ કરી અને નવાઈની વાત એવી કે સુપરવાઈઝરે મને ફોન પર શાબાશી આપી, પ્રોત્સાહિત કર્યા. મારો ઉત્સાહ બેવડાયો. મને પણ ખૂબ ગમ્યું. નિયત સમયમાં કામ પૂરું થયાની નોંધ સુપવાઈઝરે લીધી.

એવો જ બીજો પ્રસંગ ઝોકલા ગામના પીઅર એજયુકેટર સુભાષભાઈ અશોકભાઈ વસાવાનો છે. સુભાષ ૧૧માં ધોરણમાં ભણે છે. ઝોકલા ગામ પણ ઝઘડિયા તાલુકાનું ઊંડાણનું આશરે ૩૩ કિ.મી. ના અંતરે આવેલું ગામ છે. ગામના કિશોર–કિશોરી પીઅર એજયુકેટરની મિટીગ હેલ્થ ટ્રેનિંગ સેન્ટર ગુમાનદેવમાં રાખવામાં આવી. તેમાં સુભાષે વાત કરી કે, "અમારા ગામના હીમોગ્લોબીન ઓછુ હોય તેવા બધા કિશોરોને લોહતત્વની ગોળી અપાઈ છે. બીજા ૮–૧૦ કિશોર જે હોસ્ટેલમાં રહે છે તેમને ગોળી આપીએ ?

આ બીજા પ્રસંગમાં પણ પીઅર એજયુકેટરની જાગૃતતા, ઉત્સાહ, રસ, કામ કરવાની ધગશ અને સુપરવાઈઝરનો ડર રાખ્યા વગર ધ્યાન દોર્યું તે ગમ્યું.

આ બંને પ્રસંગમાં જોવા મળ્યું કે કિશોરાવસ્થાના ઉંમરમાં જો સાચુ માર્ગદર્શન, મદદ યુવાધનને મળે તો સાચી લીડરશીપ તેઓ લઈ શકે છે.

"દેશને ૧૦૦ નવયુવાન મળે તો દેશની સીકલ બદલાઈ જશે." આ સ્વામી વિવેકાનંદનું સ્વપ્ન આવા નાના નાના કાર્યક્રમો, પ્રવૃત્તિઓ થકી જ મોટું પરિવર્તન આણી શકશે.

## વિવેકાનંદ ગ્રામીણ ટેકનીકી કેન્દ્ર

- તા. ૮ એપ્રિલ'૧૭ના દિને બેચ નં. ૩૨ના ચાલુ બેચના વિદ્યાર્થીઓના વાલીની મિટિંગ રાખવામાં આવી. ૧૨૦ વાલીઓ હાજર રહ્યા હતા. વાલીઓને વિદ્યાર્થીઓની પ્રગતિ, વિદ્યાર્થીઓમાં થયેલા ફેરફારો, ઈન્ડસ્ટ્રીઝ ટ્રેનિંગ અને પ્લેસમેન્ટ, ઉપરાંત અમદાવાદ, વડોદરા, સુરત જેવા શહેરોમાં પણ નોકરી કરવા માટે માનસિક રીતે તૈયાર કરવા અંગેની ચર્ચા કરવામાં આવી.
- તા. ૧૭ એપ્રિલ'૧૭ને દિને ગ્રામ સેવા ટ્રસ્ટ–ખારેલ અને માનવ કલ્યાણ ટ્રસ્ટ, મમતા મંદિર, નવસારીની વિઝિટમાં સેવા રૂરલ ઝઘડિયાનાં સ્ટાફ ભાઈઓ અને બહેનો જોડાયા સાથે વિ.જી.ટી.કે.ના ઈન્સ્ટ્રક્ટર રમેશભાઈ મિસ્ત્રી અને પટાવાળા હબીબભાઈ મન્સુરી જોડાયા હતા. મમતા મંદિર નવસારીમાં બોલી શકતા નથી, સાંભળી શકતા નથી, જે બાળકો પોતાનું માનસિક સમતોલન ગુમાવી ચુકયા છે એવા વિદ્યાર્થી ભાઈઓ અને બહેનોને અલગ અલગ પ્રકારની તાલીમ જેવી કે ગારમેન્ટ, હાથ વણાટ અને પ્રિન્ટીગ ઓફસેટ, સ્ક્રિન પ્રિન્ટીગ તેમજ ધોરણ ૭ થી ૧૨માં ધોરણ સુધીના વિદ્યાર્થી ભાઈ–બહેનોને સ્કુલ તાલીમ આપે છે. આજ વિદ્યાર્થીઓ ગુજરાત કક્ષા સુધીની રમતોમાં ભાગ અપાવી મેડલ પણ મેળવી શકયા છે. સમાજમાંથી વંચીત રહેલા બાળક માટે આ પ્રકારની વ્યવસ્થા ઊભી કરવી એ એક પ્રકારનું સાહસ કહી શકાય. તે જોઈ અભિભૂત થાય. ગ્રામસેવા ટ્રસ્ટ, ખારેલ હોસ્પિટલની વિઝિટમાં સેવા રૂરલના કાર્યકરો ગયા હતા. તેઓને ખારેલ હોસ્પિ. નું કામ એક યા બીજી રીતે સેવા રૂરલ પ્રમાણે સમાન છે એવું લાગ્યું. એ સિવાય હાલ ખારેલ હોસ્પિટલ દ્વારા ૪ x ૪ના ૧૫૦ ટોઈલેટ સેવાના ભાગરૂપે બનાવ્યા છે તે પણ જોયા.
- તા. ૨૪, ૨૫, ૨૬ એપ્રિલ'૧૭ દરમ્યાન શ્રી યશવંતભાઈ જોષી (ઉન્નત સંસ્થા વડોદરા) દ્વારા 'યુવા ઉત્કર્ષ શિબિર' નું આયોજન કરવામાં આવ્યું હતુ. તેઓએ લક્ષ્ય નકકી કરવું, આગામી પાંચ વર્ષનું પ્લાનીંગ, ઈન્ટરવ્યુ આપવાની કલા, રેલ્વેમાં રિઝર્વેશન કઈ રીતે કરવું, બેંકમાં ચેક કઈ રીતે લખવા, અલગ અલગ પ્રકારની રમતો વગેરે દ્વારા વિદ્યાર્થીઓમાં ઉત્સાહ જગાડી વિસ્તૃત માહિતી આપી.
- તા. ૧ મે'૧૭ના રોજથી વિજીટીકેના તમામ ટ્રેડના વિદ્યાર્થીઓને કોર્ષના ભાગરૂપે વર્ષના અંતે મે અને જુન એમ બે મહિના માટે ઈન્ડસ્ટ્રીયલ ટ્રેનિંગ ચાલુ કરવામાં આવી. ૧૨૨ વિદ્યાર્થીઓને (અંકલેશ્વરની ૪૨, ભરૂચની ૧૬ અને ઝઘડિયાની ૦૨) ૬૦ ઈન્ડસ્ટ્રીઝમાં ગોઠવવામાં આવ્યા.
- તા. ૮ મેં'૧૭ ને આનંદી સંસ્થા દેવગઢ બારીયાથી આવેલ નિતાબેન અને જેનીકાબેને વિજીટીકેની મુલાકાત લીધી.
- તા. ૨૪ મે'૧૭ના રોજ વાઘ–બકરી–ચા ગુજરાત ટી પ્રોસેસ, અમદાવાદથી આવેલા

આસિસ્ટન્ટ મેનેજર શ્રી વિરલભાઈ પટેલે વિઝીટીકે અને હેલ્થ ટ્રેનિંગ સેન્ટરની મુલાકાત તથા વિવિધ પ્રવૃત્તિઓ વિશે માહિતી મેળવી.

- બેચ નં. ૩૩ના એડમિશન માટે સાગબારા ૨૨૫, ડેડિયાપાડામાં ૧૯૩, વિ.જી.ટી.કે. ગુમાનદેવમાં ૩૭૯ વિદ્યાર્થીઓના જુદાજુદા ટ્રેડ માટે ઈન્ટરવ્યુ થયા. કોમ્પ્યુટરના ૬ માસના કોર્ષ માટે ૧૫૯ વિદ્યાર્થીઓના ઈન્ટરવ્યુ થયા.
- તા. ૧૦ જૂન'૧૭ના રોજ ૧૨મી સલાહકાર સમિતિની મિટિંગ હેલ્થ ટ્રેનિંગ સેન્ટરમાં રાખવામાં આવી હતી. જેમાં બેચ નં. ૨૫ થી ૩૨ વિશે ચર્ચા કરવામાં આવી.
- તા. ૧૦ જૂન'૧૭ના રોજ અમદાવાદ મેનેજમેન્ટ એસોસિએશન (AMA)માં એક દિવસનો "સપોર્ટીવ સ્ટાફ ડેવલપમેન્ટ" વિષય પર વર્કશોપનું આયોજન કરવામાં આવ્યુ હતું. જેમાં વિ.જી.ટી.કે.માંથી કોમલબેન પટેલ જોડાયા હતા. જેમાં સપોર્ટીવ સ્ટાફ બીજા સહકાર્યકરોને કઈ રીતે મદદરૂપ થઈ શકે, ગુડ મેનર્સ હકારાત્મક વલણ, સેલ્ફ મોટીવેશન, કોમ્યુનિકેશન, ટીમવર્ક વગેરે વિષયો પર વિસ્તારથી સમજ આપવામાં આવી.

## સ્ટાફ વેલ્ફેર

- સ્વસ્થ કાર્યકર, સ્વસ્થ સંસ્થાના અભિગમને મજબૂત બનાવવા તા. ૧૫ થી ૩૦ મે'૧૭ દરમ્યાન ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન થયું. તેમાં ૫૫ સ્ટાફ પરિવારના ભાઈઓ, ૩૫ સ્ટાફ પરિવારની બહેનો, ૨૨ સ્ટાફ પરિવારના બાળકો અને નર્સિંગ સ્ટુડન્ટોએ ઉત્સાહથી ભાગ લીધો. ટુર્નામેન્ટમાં વિજેતા ટીમને ઈનામ આપી પ્રોત્સાહિત કર્યાં. બાળકોના ટીમમાં ખાસ રનર અપ ટીમને પણ ઈનામ આપી પ્રોત્સાહિત કર્યા.

## સેવા રૂરલની વિવિધલક્ષી સહકારી મંડળી

- વિવિધલક્ષી સહકારી મંડળીની વાર્ષિક સાધારણ સભા તા. ૧૮ જૂન'૧૭ના દિને થઈ. જેમાં વર્ષના હિસાબોના લેખાજોખા જોયા અને નવી કમિટીની રચના થઈ. નવી કમિટીમાં પ્રમુખ વિક્રમસિંહ વાંસદીયા, માનદ્મંત્રી અતુલ વ્યાસ અને કમિટી સભ્ય તરીકે મહાવીરસિંહ વાઘેલા, કેતુલભાઈ પટેલ, બકુલભાઈ લીંબચીયા, જલ્પાબેન પુરોહિત, શામળભાઈ પા.વા., પ્રકાશભાઈ તડવી, સુશીલાબેન પટેલ, શીતલબેન ગાંધીની, ડો. ધીરેનભાઈ મોદી અને કાયમી આમંત્રિત તરીકે મયંકભાઈ પંડયાની વરણી થઈ.

સેવા રૂરલના કર્મચારીઓની વિવિધલક્ષી સહકારી મંડળીમાં કુલ બચત રૂા. ૧,૧૭,૧૨,૩૭૫/–, શેર ભંડોળ રૂા. ૫,૫૩,૯૯૦/– કુલ લોન રૂા. ૩૮,૪૯,૫૦૦/– બચત ઉપર વ્યાજ ૯%, અને વાર્ષિક નફો (તા. ૩૧ માર્ચ ૧૭ સુધી) રૂા. ૪૯,૯૦૦/– થયો છે.

♦

# શારદા મહિલા વિકાસ સોસાયટી

## વહીવટી સંચાલન

- આ ત્રણ માસ દરમ્યાન કોરગ્રુપની પાંચ મિટિંગો થઈ જેમાં દરેક વિભાગની ભવિષ્યમાં કરવાની પ્રવૃત્તિઓની ચર્ચા, પાપડ અને નાસ્તા વિભાગ બંનેની અલગ જવાબદારી, સહાયક સ્ટાફને ઓર્ડર આપવા, નાસ્તા બનાવતી બહેનોને રોજીમાં વધારો તેમજ આર્થિક પ્રવૃત્તિની ગત વર્ષના નફાની વહેંચણી વિગેરેની ચર્ચા કરવામાં આવી. કારોબારીની બે મિટિંગો થઈ જેમાં મહિલા જાગૃતિ કાર્યક્રમની થઈ ગયેલી પ્રવૃત્તિઓ તેમજ ભવિષ્યમાં નકકી કરેલ પ્રવૃત્તિઓનું પ્રેઝન્ટેશન તેમજ ચર્ચા કરવામાં આવી.
- તા. ૨૩મી જુન'૧૭ના રોજ શારદા મહિલા વિકાસ સોસાયટીનું ગત વર્ષ દરમ્યાન થયેલ કામગીરીનું વાર્ષિક મૂલ્યાંકન કરવામાં આવ્યું. જેમાં શા.મ.વિ.સો.સ્ટાફ ઉપરાંત સેવા રૂરલના કાર્યકરો સહભાગી થયા.
- તા. ૨૯ જુન'૧૭ના રોજ શા.મ.વિ.સો.ની વાર્ષિક સાધારણ સભા યોજાઈ. જેમાં સહયોગી બહેનો, સ્ટાફ અને કારોબારી સભ્યો જોડાયા. સભાના પ્રમુખ સ્થાને રાગિણીબેન પટેલની વરણી કરવામાં આવી. આખા વર્ષના હિસાબોની રજૂઆત થઈ, નફાની ફાળવણીની પણ ચર્ચા થઈ, તેઓને ઈન્સેન્ટીવ, ગીફટ, પ્રવાસ, આરોગ્ય–શિક્ષણ વગેરેની ફાળવણી કરવામાં આવી. આ સાથે જ વર્ષ દરમ્યાન સૌથી વધુ કામગીરી કરનાર બહેનને પ્રથમ નંબર આપી રૂા. ૧,૦૦૦/– સુધીની રકમના ધાતુના ડબ્બા અને પ્લાસ્ટીકની ખુરશી ઈનામ સ્વરૂપે આપવામાં આવ્યા.

## શા.મ.વિ.સો. જનરલ

- આર્થિક પ્રવૃત્તિઓમાં સહયોગી બહેનોની લેબર ચાર્જની કોમ્પ્યુટર એન્ટ્રી માટે EX પ્રોગ્રામ બંધ કરી નવો પ્રોગ્રામ બનાવવામાં આવ્યો છે આથી વધુ માહિતી મળશે અને ભવિષ્યમાં રજીસ્ટર નિભાવવાના થશે નહિ.
- નાસ્તા કાર્યક્રમમાંથી કલ્પનાબેન કાછીયા છુટા થવાથી સ્ટાફ અને સહાયક સ્ટાફ વચ્ચે કામમાં ફેરફાર કર્યા. પાપડ વિભાગની જવાબદારી મંજુબેન લીંબચીયા અને નાસ્તા વિભાગની જવાબદારી ચેતનાબેન પટેલે લીધી. સહાયક સ્ટાફમાંથી સાહેદાબેન શેખ અને મફતભાઈ વસાવાને સ્ટાફમાં લીધા.

## પાપડ વિભાગ

- શા.મ.વિ.સો.ની સહયોગી બહેનોનું શારીરિક સ્વાસ્થ્ય સારું રહે. તે માટે દર વર્ષે તેમનું હેલ્થ ચેકઅપ કરવામાં આવે છે. આ વર્ષે એપ્રિલ મહિનામાં ત્રણ ગ્રુપમાં તા. ૮, ૧૦ અને ૨૮મી એપ્રિલે ૪૧ સહયોગી બહેનનું હેલ્થ ચેકઅપ થયું. તેમાં સીકલસેલની, લોહીની અને આંખ તેમજ અન્ય સામાન્ય રોગોની તપાસ કરવામાં આવી. ૪ બહેનોનું સીકલસેલનું નિદાન કરવામાં આવ્યું અને બાકી સહયોગી બહેનોને નંબરના ચશ્મા આપ્યાં.
- તા. ૨૩ મે ૧૭ને પબ્લિક હેલ્થ લેબોરેટરી, વડોદરા દ્વારા અડદમરી, અડદ વટાણા, ડબલ મરી એમ ત્રણ પ્રકારના પાપડની તપાસ કરવામાં આવી. તેમાં કોઈપણ પ્રકારનો ભેળસેળ ન હોવાનો રિપોર્ટ આવ્યો છે.
- અડદ મરી અને અડદ વટાણા એમ બે પ્રકારના ડિસ્કો પાપડ પ્રાયોગિક ધોરણે બનાવ્યાં. ગ્રાહકોની માંગ વધશે એટલે ઉત્પાદન કરવાનું શરૂ થશે.

## નાસ્તા વિભાગ

- નાસ્તા વિભાગનું કામ વધે અને બહેનોને પૂરતી રોજી મળી રહે તે માટે જુદાજુદા પ્રયોગો કરવામાં

* મહિલા વિકાસ અને સશકિતકરણ તથા બાળકોના પૂરક શિક્ષણ અને વિકાસના કામો સેવા રૂરલ હેઠળ થતાં હતાં જે હવે કેમ્પસમાં આવેલી સ્વતંત્ર સંસ્થા શારદા મહિલા વિકાસ સોસાયટી હેઠળ જુલાઈ ૨૦૦૨થી થઈ રહ્યા છે.

આવ્યા. જેવા કે સ્ટાફ માટે ગરમ નાસ્તો બનાવી વેચાણ કર્યુ. સંસ્થામાં ચાલતી ચા કેન્ટિન પર સૂકો નાસ્તો વેચાણ માટે મુકયો. ઝઘડિયા ગામમાં સોમવારી ભરાઈ છે ત્યાં વેચાણ સ્ટોલ ઊભો કરી વેચાણ કરવાનો પ્રયત્ન કર્યો.

## ગારમેન્ટ વિભાગ

- ગારમેન્ટ વિભાગમાં બહેનોને પૂરતી રોજી મળી રહે માટે કંપનીઓ તરફથી ઓર્ડર આવતા હતા. પરંતુ ઝઘડિયા નજીક બીજી ગારમેન્ટ કંપનીઓ નવી આવવાથી ૧–૨ કંપનીઓના કામ ન મળવાથી અન્ય કંપનીઓના સંપર્ક, કવોટેશન વગેરે કરી નવું કામ શોધી સહયોગી બહેનોને રોજી આપવાનો પ્રયત્ન ચાલે છે. ઓર્ડર આપતા કંપનીઓના નામ ધ્યાનમાં આવે તો જરૂરથી જણાવશો.

## શિવણ તાલીમ વર્ગો

- શિવણ તાલીમમાં તા. ૧ એપ્રિલ'૧૭થી ઝઘડિયા તાલુકાના ૧૯ ગામની ૪૪ બહેનો જેમાં અનુસુચિત જાતિની ૮૦%, અનુસુચિત જનજાતિ ૫%, અન્ય જ્ઞાતિ ૧૪% અને અન્ય પણ ગરીબ ૧% બહેનો જોડાઈ છે.
- તા. ૧ જુલાઈ'૧૭થી શિવણ તાલીમ વિભાગમાં વિશાખાબેન પંચાલ પાર્ટટાઈમ આસિસ્ટન્ટ ટ્રેનર તરીકે જોડાયા છે.
- બે બહેનોએ શર્ટ સીવવાની વિશેષ તાલીમ મેળવી છે.

## સેફટી મિટીંગ

- સેવા રૂરલ દ્વારા સેફટીની કામગીરી સઘણરૂપે ચાલી રહી છે. તે માટેની એક કમિટી પણ છે. આ કમિટી સભ્ય સાથે તા. ૧ એપ્રિલ'૧૭ના રોજ ગારમેન્ટ સ્ટાફને ગારમેન્ટ કાર્યક્રમને અનુલક્ષીને કેટલાક પગલા અને મુદ્દાઓની માહિતી આપી હતી. સિલાઈ કરતી વખતે સ્લીપર પહેરવા, સાંજે જતા પહેલા મેઈન સ્વીચ બંધ કરવી અને જેની નોંધ કે સૂચનાનો કાગળ દરવાજા પર લગાવવો, કચરો–કપડાની ચીંધી વગેરે યોગ્ય જગ્યાએ રાખવી. ઈમરજન્સી કોન્ટેકટ લીસ્ટ બોર્ડ પર મુકવું, બીજો દરવાજો લોક ન રાખવો, કપડા નીચે ન રાખવા વગેરે પ્રમાણે તકેદારી અને પગલા લેવાનું વિચાર્યુ.

## બાળ કેળવણી

- તા. ૧૧–૧૨–૧૩ એપ્રિલ'૧૭ના રોજ ટયુટોરિયલ વર્ગમાં દર વર્ષની જેમ આ વર્ષે પણ શાળાઓમાં વાર્ષિક પરીક્ષા શરૂ થાય એના પૂર્વ તૈયારી રૂપે ધો. ૧ થી ૮ના કુલ ૧૭૩ બાળકોએ પરિક્ષા આપી. જેમાં ૮૭% બાળકો પાસ થયા.
- તા. ૨૫ એપ્રિલ'૧૭ના રોજ ચાલુ વર્ષનું સત્ર પૂરું થઈ રહ્યું હોવાથી વાલી મિટિંગ રાખી. જેમાં શિક્ષકોએ ગત વર્ષની કામગીરી, બાળકોની પ્રગતિ તેમજ પ્રશ્નો, મુશ્કેલીની ચર્ચા કરી, વાલીઓએ પણ પોતાના પ્રતિભાવમાં નવા વર્ષે ધો. ૯ શરૂ કરવું એમ જણાવ્યું. આ વાલી મિટિંગમાં ૧૦૭ બાળકો અને ૬૪% વાલીઓએ હાજરી આપી. વર્ષ દરમ્યાન નિયમિત આવનાર બાળકને તેમજ પરિક્ષામાં ૧ થી ૩ નંબર આવનાર બાળકોને ઈનામો આપ્યા અને મિટિંગમાં હાજર રહેનાર દરેક બાળકને પણ પ્રોત્સાહિત ઈનામ આપ્યા.
- તા. ૫–૬ મેં'૧૭ના રોજ ભૂતપૂર્વ વિદ્યાર્થી શિબિરનું આયોજન કર્યુ. જેમાં ટયુટોરિયલમાં અગાઉ અભ્યાસ કરી ગયેલા વિદ્યાર્થીઓએ હાલમાં શું કરી રહ્યા છે? અને આગળ શું કરવું છે ? તેની ચર્ચા કરી અને માહિતી મેળવી. તા. ૬ મેં'૧૭ ના રોજ સવારે પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું. વાગલધારા આઈ. ટી. આઈ. માં ચાલતા અલગ અલગ કોર્ષ બતાવ્યા, દાંડીમાં મહાત્મા ગાંધીના મીઠાના સત્યાગ્રહનું સ્મારક અને દરિયો બતાવ્યો અને વાંસદામાં નિકુંજભાઈ દેસાઈ જે પ્રવૃત્તિ કરી રહ્યા છે તે નિહાળી. સાંજના ઊનાઈ માતાના દર્શન કરી પરત થયા.
- તા.૨–૩ જૂન'૧૭ મહિનામાં નવા સત્રની શરૂઆત પૂર્વે વાલીઓને વ્યકિતગત મળી શકાય તે હેતુથી ઝઘડિયા ગામમાં શાંતિનગરી, મહાલક્ષ્મીનો ટેકરો, મોહન ફળિયું, ડબ્બા ફળિયું, સિનેમા ફળિયું, ફાટક ફળિયું વિ. ફળિયામાં ધો. ૧ થી ૯ના બાળકોની વિઝિટ કરી.

- તા. ૫ જૂન'૧૭થી ટ્યુટોરિયલના નવા સત્રની શરૂઆત થઈ. શરૂઆતમાં પહેલા દિવસે લગભગ ૧૦૦ બાળકો હાજર હતા.
- તા. ૧૭ જુન'૧૭ના રોજ બાળકોને ઘડતરની પ્રવૃત્તિના ભાગરૂપે પોતાના પુસ્તકોની કાળજી જાતે રાખતા શીખે માટે પૂઠ્ઠા ચઢાવવાની પ્રવૃત્તિ કરાવવામાં આવી. ન્યુઝ પેપરનો ઉપયોગ કરી બાળકોને પૂંઠા ચઢાવતા શીખવાડ્યું.

## કલરવ પ્રવૃત્તિ

- તા. ૨૭ થી ૩૦ એપ્રિલ'૧૭ સુધી ભાવનગર "શૈશવ" સંસ્થામાંથી ઈશાબેન શેઠે "રી–થીકીગ ડેવલોપમેન્ટ" – " વિકાસનો પુનઃવિચાર." વિષય પર શિબિર કરી. જેમાં પર્યાવરણને થતા નુકસાનની માહિતી અને પર્યાવરણને કેવી રીતે બચાવી શકાય. તે પોસ્ટરો કલીપીગ, ફોટાઓ દ્વારા સમજાવ્યું. જેમાં કલરવના ૮ બાળકો અને ગણતર સંસ્થાના ૬ બાળકો જોડાયા.
- તા. ૮ મે થી ૧૯ મે'૧૭ સુધી કલરવ શિબિરનું આયોજન કર્યું. જેમાં ખરી કમાણી માટે પેપરબેગ બનાવડાવી. બેગના ૧ રૂા. માં મોટી ૨ અને નાની ૪ બેગએ પ્રમાણે બાળકો જેટલી પેપરબેગ બનાવી તેના પૈસા ચુકવ્યા. સૂરતથી આવેલા દર્શનાબહેન અને તેમની ટીમે આવીને અંગ્રેજી શબ્દ ભંડોળ વધારવા માટે બાળકોને માહિતી આપી અને એને લગતી જ રમતો રમાડી.
- તા. ૧–૧૩ મે'૧૭ના રોજ કલરવ અને દિવ્યાંગ બાળકો સાથે પ્લાસ્ટીકની બોટલનો ઉપયોગ કરી જેમાં ફુવારા બનાવતાં શીખવાડ્યું. વેસ્ટમાંથી બેસ્ટ બનાવવાની પ્રવૃત્તિ કરી. છોકરીઓને સ્વરક્ષણની તાલીમ આપી. અશા પ્રવાસનું આયોજન કર્યું. વડોદરાથી આવેલા અપેક્ષાબેન અને દિવ્યેશભાઈએ પપેટ કેવી રીતે બનાવવા અને કેવા પ્રકારના અને કેવી રીતે ઉપયોગ કરી શકાય એ શીખવ્યું. ત્યારબાદ આનંદમેળાનું આયોજન કર્યું. જેમાં ૧૧ સ્ટોલ હતા. તેમાં સ્વાદિષ્ટ વાનગીઓ ખાઈને ખૂબ મજા માણી. વેસ્ટમાંથી બેસ્ટની હરીફાઈનું આયોજન કર્યુ. જેમાં બાળકો ઘરેથી વસ્તુઓ લાવી ટ્યુટોરિયલમાં આવી બનાવ્યા અને નંબર આપી ઈનામો આપ્યો.
- તા. ૨૭ મે'૧૭ના રોજ કલરવના બાળકોને સૂરત કવિ નર્મદ પુસ્તકાલય ખાતે ચિલ્ડ્રન ફિલ્મ ફેસ્ટીવલ જેમાં ગોપી ગવૈયા, બાજા બજૈયા જેવી એનિમેશન ફિલ્મ જોવા ગયેલા અને ફિલ્મ પર ડાયરેકટરે માહિતી આપી અને પ્રશ્નોત્તરી કરી.

## મહિલા જાગૃતિ કાર્યક્રમ

- તા. ૨૯ એપ્રિલ'૧૭ના રોજ બેનોની શિબિરમાં "દંગલ" ફિલ્મ બતાવવામાં આવી હતી. જાતીય સમાનતા વિશે વાત કરવામાં આવી. આ શિબિરમાં પાપડ–નાસ્તા, ગારમેન્ટની સહયોગીબેનો અને સ્ટાફની બેનો થઈને ૧૪૭ બેનોએ ભાગ લીધો હતો. આ ફિલ્મ જોયા પછી તેના ઉપર ચર્ચા કરવામાં આવી.

  ત્યારબાદ બેનોનું હેલ્થ ચેકઅપ કર્યુ હતું. તેની માહિતી ડો. શોભાબેન શાહે આપી હતી. જેમાં પાંચ બેનોનું લોહી ૧૦ ગ્રામથી ઓછું છે. ૪ બહેનોને સીકલસેલ છે. ૩ બહેનોને ફિજીશ્યનને બતાવવાનું છે અને ૧૯ બહેનોને આંખોની તકલીફ છે અને આની સાથે આરોગ્ય શિક્ષણ પણ આપવામાં આવ્યુ હતું.
- તા. ૧ અને ૨ મે'૧૭ના રોજ કિશોરી શિબિર રાખવામાં આવેલી જેમાં ૧૪ કિશોરીઓએ ભાગ લીધો. ગીતાબેન, સુધાબેન, સાવિત્રીબેન, જયશ્રીબેન, જયાબેન વગેરેને રિસોર્સ પર્સન તરીકે બોલાવવામાં આવ્યા હતા. તેઓ કિશોરીઓ સાથે સર્જનાત્મક પ્રવૃત્તિ શીખવાડી અને યોગ્ય માર્ગદર્શન આપ્યું અને કિશોરીઓને માસિક દરમ્યાનની સ્વચ્છતા વિશેની માહિતી આપવામાં આવી.
- તા. ૨૯ મે'૧૭થી કિશોરીઓ માટે બ્યુટી પાર્લર કોર્ષ શરૂ કરવામાં આવ્યો. જેમાં ૧૫ કિશોરીઓએ એક માસ માટે કોર્ષ કર્યો. આ કોર્ષમાં એમને આઈબ્રો, મ્હેંદી, ફેશીયલ, બ્લીસ, હેરકટીગ, હેરસ્ટાઈલ વગેરેની તાલીમ આપવામાં આવી.
- તા. ૧૬ – ૧૭ જુન'૧૭ના રોજ કિશોરી શિબિર રાખવામાં આવી હતી. જેમાં રિસોર્સ પર્સન તરીકે ગીતાબેન, જયાબેન, ડો. કલ્પનાબેન, કોકિલાબેનને બોલાવવામાં આવ્યા હતા. તેઓએ કિશોરીઓ સાથે હોમ મેનેજમેન્ટ, બચત અને પ્રેમ અને લગ્ન વિષયક, મોબાઈલ અને ટેકનોલોજીના ઉપયોગ જેવા વિષયો પર વિસ્તારથી વાતચીત કરી હતી.

♦

# મિત્રોની નજરે

તા. ૧૮ માર્ચ'૧૭

## સદા પ્રસન્ન રહો

સ્નેહી સ્વજનો,

નમસ્કાર ! સૌ સહપરિવાર સ્વસ્થ, મસ્ત હશો. આજે આપના તરફથી ''સેવા સુવાસ''નો જુલાઈ–ડિસે.'૨૦૧૬નો અંક મળ્યો છે. આનંદથી સ્વીકારું છું ને સૌ સમિતિના સભ્યોને અભિનંદન સહ સલામ.

સ્વામી વિવેકાનંદ જેવા યુગપુરુષના વિચારો, દ્રષ્ટિને આપ સાચા અર્થમાં સાર્થક કરી રહ્યા છે, સંસ્કૃતિનું દર્શન થઈ રહ્યું છે. મેં સપરિવાર, શ્રી દિલીપભાઈ શાહ (C.A.) દ્વારા ત્યાં દિવાળીના શુભપર્વમાં રહીને આ બધું પ્રત્યક્ષ નિહાળ્યું છે. અત્યારે આપની પ્રવૃત્તિની વાત અન્યને કરીએ તો પહેલાં તો માનવા તૈયાર ના થાય. કારણ આપ સૌનું યોગદાન હૃદયથી થતું જોવા મળે છે. વળી જ્ઞાતિવાદનું ભૂત આપને ત્યાં ફરકયું નથી. વસુધૈવ કુટુંબ જોવા મળ્યું છે. પૂરેપૂરો અંક વાંચી ગયો. નાનાઓની મોટાઈમાં વ્યકત થયેલ વિચાર કેવ અદ્દ્ભુત છે !! બાકી ડ્રાઈવર સુનિલભાઈ જેવાઓને તો ફકત વાહન હંકારવા સિવાય અન્ય વિચાર પણ કયાંથી હોય, છતાંય આવું સૂચન જન્મ્યું તે જ આપ સૌ સ્ટાફના અંતરની ભાવના જ સાબિત કરે છે. મા શારદા સૂચનનું (જયારે આપણે બીજાને આનંદ.....) સાચા હૃદયના પ્રેમથી પાલન કરી રહ્યા છો. ખૂબ ખૂબ ફરી ફરીને અભિનંદન શુભેચ્છા અને સારા કાર્યોને –સંતકૃપા મળી રહે છે. આપ સૌને હૃદયપૂર્વક નમન કરું છું. આભાર,

કિરણ શાહ
"કૃષ્ણાનંદ" ૧૨, નારાયણનગર,
અક્ષયકુંજ પાછળ, ગોપી,
વિદ્યાનગર રોડ,
આણંદ–૩૮૮૦૦૧.

♦

( પ્રિય વાચકોને નમ્ર વિનંતી સેવા સુવાસ વાંચી આપના પ્રતિભાવો ચોકકસ લખી મોકલાવશો.)

# સત્સંગના સથવારે

## ગજેન્દ્રમોક્ષની કથા

સંસ્થામાં દર ગુરુવારે થતાં સત્સંગમાં શ્રીમદ્ ભાગવતમાં આવતી ગજેન્દ્રમોક્ષની કથાનું વાંચન અને ચર્ચા કરવામાં આવી. આજે પણ અમુક ઘરોમાં ગજેન્દ્ર સ્તુતિ કરવામાં આવે છે. ગજેન્દ્રમોક્ષની કથા વસ્તુ નીચે પ્રમાણે છે.

ચિત્રકૂટ પર્વત પર એક બળવાન હાથી રહેતો હતો. તે અનેક હાથીણીઓનો પતિ હતો. ઉનાળાના દિવસ હતા. બહુ ગરમી હતી. ગજેન્દ્ર હાથીણીઓ અને બચ્ચાઓ સાથે સરોવરમાં જળ ક્રીડા કરવા ગયો. હાથીણીઓ અને બચ્ચાઓથી વીટળાયેલો તે જળક્રીડામાં તન્મય થઈ આનંદ વિહાર કરવા લાગ્યો. હાથી જળક્રીડામાં તન્મય છે એ જાણીને એક મગરે આવીને એમનો પગ પકડયો. મગરના પંજામાંથી છુટવા હાથીએ ખૂબ પ્રયત્ન કર્યો. હાથી સ્થલચર અને મગર જળચર એટલે હાથી જળમાં દૂર્બળ બને છે. મગર હાથીને છોડતો નથી. મગરની પકડમાંથી છુટવા માટે હાથીએ ઘણો પ્રયત્ન કર્યો પણ કોઈ પ્રયત્ન કામમાં આવ્યો નહી. હાથીણીઓ અને હાથીના બચ્ચાઓએ પણ બચાવવા માટે ખૂબ પ્રયત્ન કર્યો પરંતુ કોઈનો પ્રયત્ન કામમાં આવ્યો નહી. એક માસ આ પ્રમાણે યુધ્ધ ચાલ્યું. મગર હાથીને ઊંડા જળમાં લઈ જાય છે. હવે હાથી મરશે જ એવી ખાતરી થઈ એટલે હાથીણીઓ અને બચ્ચા પણ તેને એકલા મુકી નાસી જાય છે. ગજેન્દ્ર નિરાધાર બને છે. તેને ખાતરી થઈ કે હવે મારું કોઈ નથી, ત્યારે તે અંતે પરમાત્માને પોકારે છે.

## ગજેન્દ્ર સ્તુતિ

**હે ગોવિંદ ! હે ગોપાલ ! અબ તો જીવનહારે**
**હે ગોવિંદ રાખો શરણ અબ તો જીવનહાર**

**નીર પવન હેતુ ગયો, સિંધુ કે કિનારે,**
**સિન્ધુ બીચ બસત ગ્રહિ ચરણ લઈ પખારે**
**હે ગોવિંદ**
**ચાર પ્રહર યુધ્ધ ભયો, લે ગયો મજધારે**
**નાક, કાન ડૂબન લગે, કૃષ્ણ કો પુકારે,**
**હે ગોવિંદ**
**દ્વારિકા મેં શબ્દ ગયો, શોર ભયો ભારે,**
**શંખ ચક્ર, ગદા, પદમ, ગરુડ લે સીધાવે,**
**હે ગોવિંદ**
**સૂર કહે શ્યામ સુનો, શરણ કો તિહારે,**
**અબ કી બાર પાર કરો, નંદ કે દુલારે**
**હે ગોવિંદ**

આ પ્રમાણે દુઃખથી આર્દ્ર બનીને તેણે શ્રી હરીને કરેલી સ્તુતિ સાંભળીને આ ગજરાજને બચાવવા પરમાત્મા ઉતાવળા થઈ દોડતા આવે છે. ભગવાનને દોડતા આવતા જોઈ, ગજેન્દ્ર સરોવરમાંથી એક કમળ ભગવાનને અર્પણ કરે છે. સુદર્શન ચક્રથી ભગવાન મગરને મારે છે.

આ કથામાંથી સાધકે શીખવા, સમજવાનું છે કે આ સંસાર એ જ એક સરોવર. જીવ એ જ સંસારમાં રહેલો ગજેન્દ્ર. કાળ એટલે કે મૃત્યુ એ જ એક મગર છે. સંસારના વિષયોમાં આસકત થયેલા જીવને મૃત્યુનું પણ ભાન રહેતુ નથી. જે સંસારરૂપી સરોવરમાં જીવ કામક્રીડામાં જ રમમાણ રહે છે તેનો મૃત્યુ પણ નકકી જ હોય છે. જે સમયે જન્મ થાય છે તે જ સમયે મરણનો કાળ નકકી થઈ ગયો હોય છે.

મનુષ્ય વૃધ્ધ થાય છે અને મૃત્યુ પથારીમાં એકલો પડે ત્યારે "મેં કંઈ મૃત્યુની તૈયારી કરી જ નથી મારું શું થશે? એવા વિચારોથી ગભરાય છે. જયાં ગયા પછી પાછું આવવાનું છે એવી મુસાફરીની મનુષ્ય પારાવાર તૈયારી કરે છે પણ જયાં ગયા પછી પાછું આવવાનું જ નથી તેવી મૃત્યુની મોટી મુસાફરીની કોઈ અગાઉથી તૈયારી કરતું નથી.

જે સગાવહાલા, મિત્ર મંડળ માટે આખી જિંદગીનો ભોગ આપ્યો છે તે સર્વે સાથે આવવાના નથી. તેવી અંતકાળે જીવને ખાતરી થાય છે. પરમાત્મા સિવાય મારું કોઈ નથી અને પસ્તાઈને હાય હાય કરતો જીવ મૃત્યુ પામે છે. પરંતુ જે જીવ ભગવાનને શરણે જાય છે તેનો ઉદ્ધાર થાય છે માટે ઘરે ઘરે બધા જ લોકો હરિ હરિ કરવાની ટેવ પાડશે તો અંતકાળે શ્રી હરિ યાદ આવશે અને તે જરૂર ભકતની વ્હારે ધાશે.

♦

**પ્રાર્થનાથી માણસની સુક્ષ્મ શકિતઓ સહેલાઈથી જાગૃત કરી શકાય છે. પ્રાર્થના અને સ્તુતિ ઈશ્વર તરફના વિકાસ માર્ગના પ્રાથમિક સાધનો છે.**

સ્વામી વિવેકાનંદ

# નાનાઓની મોટાઈ

## શામળભાઈ

" હેલો......હેલો.... જોત્સ્નાબેન...." ગોવાલી ગામમાં રહેતા અને સેવા રૂરલમાં નોકરી કરતા જોત્સનાબેનને વાત્સલ્યધામ, સૂરતના શિક્ષકનો રાતના ૧૦–૩૦ વાગે ફોન આવ્યો. ફોનમાં તેઓએ જોત્સનાબેન લઈ આવેલ બાળકોમાંથી બે બાળકો ભાગી ગયાની જાણ કરી. રાતનો સમય. હવે શું થાય? કેવી રીતે એ બાળકના વાલી સાથે વાત કરી શકાય ? ફોન નંબર તો ઝઘડિયા ઓફિસમાં રજીસ્ટરમાં છે. ફોન નંબર મેળવવા માટે જોત્સનાબેનના વિચાર ચક્ર શરૂ થયા. એવામાં તેઓને લીમોદ્રા ગામમાં રહેતા અને ઝઘડિયા સેવા રૂરલમાં ચોકીદાર તરીકે ફરજ બજાવતા શામળભાઈ પાટણવાડિયા યાદ આવ્યાં. હવે શામળભાઈને વાત કરવા માટે તેઓનો પણ ફોન નંબર તો જોઈએ જ. એ ફોન નંબર પણ રાતના ઘરે બેઠા મેળવ્યો અને શામળભાઈને ફોન કર્યો. તે વખતે શામળભાઈ પણ ઊંઘમાંથી તરત જ જાગ્યા અને વાત સાંભળી. શામળભાઈના ઘરની સામે જ ભાગી ગયેલ બાળકની ફોઈ રહેતા હતા. તેમનો સંપર્ક કરી બાળક ત્યાં આવ્યું છે ? વગેરે પૂછપરછ કરી.

ત્યારબાદ શામળભાઈને વિનંતી કરી કે ઝઘડિયા સેવા રૂરલમાં જઈ કોમ્યુનિટી હેલ્થ પ્રોજેકટની ઓફિસમાંથી એ બાળકના વાલીનો ફોન નંબર આપી શકાશે ? શામળભાઈ પણ સમયની ગંભીરતા સમજયા અને રાતના ૧૧–૦૦ વાગ્યા હોવા છતાં લીમોદ્રાથી ૩–૪ કિ. મી. ચાલીને ઝઘડિયા આવ્યા. ઓફિસની ચાવી લઈ જોત્સ્નાબેને કહ્યા પ્રમાણેની જગ્યા પરથી વાત્સલ્યધામ બાળકોનું રજીસ્ટર ખોલી એ ભાગી જનાર બાળકના વાલીનો ફોન નંબર જોત્સ્નાબેનને આપ્યો.

શામળભાઈ રાતના આવેલ અણધારી મુશ્કેલી, જવાબદારી માટે ના પાડી શકયા હોત પણ એ પોતાની જવાબદારીમાં ન આવતું હોવા છતાં બાળકોના વાલીઓનો સંપર્ક કરાવવામાં ખૂબ મોટી મદદ કરી. આ તેઓની મોટાઈ જ કહેવાય ને ! તો ચાલો આપણે સૌ તેમને ધન્યવાદ પાઠવીએ.

અને હા, જોત્સનાબેને પણ તેમની વાત્સલ્યધામના બાળકો માટેની જવાબદારી સભાનપણે નિભાવી તે માટે તેમને પણ કેમ ભૂલાય? તેમને ધન્યવાદ તો આપીએ જ.

ભાગી ગયેલ બે બાળકોમાંથી એક બાળક વાત્સલ્ય ધામમાં જોત્સનાબેને સમજણ આપવાથી શૈક્ષણિક કાર્યમાં ફરી જોડાઈ ગયું છે અને બીજા બાળકે ગામની શાળામાં ભણવા માટે પ્રવેશ મેળવ્યો છે.

♦

## જાણવા જેવું

# આધાર કાર્ડની અનિવાર્યતા

આધારકાર્ડ ભારત સરકારનું એક અગત્યનું યુનિક આઈડેન્ટી કાર્ડ છે. આધારકાર્ડ નાના બાળકોથી લઈને દરેક વ્યકિતનો ૧૨ આંકડાનો આધાર નંબર અને બાયોમેટ્રિકના આધારે ફોટા સાથે ભારત સરકારનું ઓળખકાર્ડ છે. જે ૨૦૦૯થી આખા ભારતમાં ઉપયોગમાં લવામાં આવે છે.

**આધારકાર્ડની ઉપયોગિતા :**

- ચુટણી કાર્ડ, પાન કાર્ડ, પાસપોર્ટ, રેશનકાર્ડ, ડ્રાઈવીંગ લાયસન્સ, ટિકિટ બુકિંગ, EPF ચેક કરવા, સીમકાર્ડ સાથે આધાર કાર્ડ લીંક કરવામાં આવે છે.
- બેંકમાં ખાતું ખોલવા તેમજ બેંકના કોઈપણ નાણાંકીય વ્યવહારમાં ઉપયોગી છે.
- ગેસ કનેકશન તેમજ ગેસ સબસીડી માટે જરૂરી છે.
- આવકવેરો ભરવા માટે જરૂરી છે.
- સ્કુલમાં બાળકોના એડમિશન માટે પણ જરૂરી છે.
- સરકારી ખાતાના બધા જ વ્યવહારોમાં આધારકાર્ડ અગત્યનો દસ્તાવેજ છે.

**આધારકાર્ડ બનાવવા માટે :**

- નામ અને ફોટા સાથેનો દસ્તાવેજ, દા.ત. ચૂંટણી કાર્ડ, પાસપોર્ટ, ડ્રાઈવીંગ લાયસન્સ, સ્કુલ આઈડેન્ટી કાર્ડ વગેરે.
- નામ અને સરનામા સાથેનું દસ્તાવેજ. દા.ત. રેશન કાર્ડ, ડ્રાઈવીંગ લાયસન્સ, લાઈટ બિલ, ટેલિફોન બિલ કાર્ડ વગેરે.

ઉપરના ડોકયુમેન્ટ સાથે રૂબરૂ જે તે તાલુકા / જિલ્લાની મામલતદાર કચેરીએ સંપર્ક કરવો અથવા Online : www.uidai.gov.in પર Apply કરી શકાય છે.

( આધાર કાર્ડ ઘરના દરેક સભ્યો નાના બાળકોથી લઈને બધા માટે બનાવવું ખૂબ જ જરૂરી છે.)

(આપણે આધારકાર્ડ બનાવવામાં, લેવામાં બાકી તો નથી રહી ગયાને ? તો સત્વરે જનસેવા કેન્દ્ર અભિયાનમાં જઈ કઢાવી લેશો.)

**જયારે આપણે બીજાને આનંદ આપી શકીએ છીએ ત્યારે જ આપણા જીવનનો હેતુ પરિપૂર્ણ થાય છે.**

મા શારદા

**પ્રિન્ટેડ બુક**

**—: વિશેષ સુચના :—**

**અમારી સંસ્થામાંથી પ્રકાશિત થતુ ત્રિમાસિક મુખપત્ર 'સેવા સુવાસ' E-mail થી મોકલવાનો પ્રયત્ન કરવા જઈ રહ્યા છીએ. આપ જો આ મુખપત્ર E-mail થી મળે એવું ઈચ્છતા હોય તો આપનું E-mail address લખી મોકલવા વિનંતી છે.**

**આપનું E-mail / ID નીચેના મોબાઈલ ઉપર વોટસઅપ / SMS થી અથવા નીચેના સરનામે લખી મોકલવાશો.**


**પ્રકાશક :**

સેવા રૂરલ અને શારદા મહિલા વિકાસ સોસાયટી,

ઝઘડિયા – ૩૯૩ ૧૧૦, જિ. ભરૂચ, ગુજરાત

સેવા રૂરલ પબ્લીક ટ્રસ્ટ રજી. નં. એફ/૧૧૦/ભરૂચ

**E-mail :- sewarural@ymail.com, Website : www.sewarural.org**

**Facebook : http:// www.facebook.com/sewarural**

ફોન : (૦૨૬૪૫) (ઓ.) ૨૨૦૦૨૧, ૨૨૦૮૬૮, (મો.) ૯૪૨૮૪૪૩૬૧૭

**PAN No. AAATS 7375J**

શા.મ.વિ.સો. પબ્લીક ટ્રસ્ટ રજી. નં. એફ/૯૦૩/ભરૂચ

**smvs1985@yahoo.co.in, Website : www.shardamahilavikas.org**

ફોન : (૦૨૬૪૫) ૨૨૦૮૧૧, ફેક્સ નં. ૨૨૦૩૧૩, (મો.) ૯૪૨૯૦૩૬૪૯૦

**PAN No. AACTS 8212L**


37 Years 1980 - 2017

એક અવિરત યાત્રા